॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



## લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

*• અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.*
*• પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.*

પૂર્વ સામયિક ‘શ્રી સ્વામિનારાયણ સંદેશ’
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૯

હાલે ‘શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ’
વર્ષ - ૧૧, અંક - ૯ - સપ્ટેમ્બર - ૨૦૧૨
સળંગ અંક - ૩૨૨

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

શ્રીજી મહારાજે જીવનને દૂષિત કરનારાં અને જીવના કલ્યાણમાં અવરોધક બનતાં દૂષણોથી પોતાના આશ્રિતો મુક્ત રહે તે માટે અતિશયપણે અનેક વિધ સાધનો આપ્યાં છે.

શ્રી હરિએ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હરિભક્તોનાં ગામોગામની પગપાળા ખેપ કરીને શાસ્ત્રાનુસાર નિયમો પાળી સદાચારી જીવન જીવવાનો બોધ આપ્યો છે. ઉત્સવ સમૈયાની પ્રણાલિકાઓ દ્વારા સત્સંગ સમાજમાં સંગઠનની ભાવના જાગૃત રાખી છે. કુસંગથી બચી સત્સંગ તરફ વૃત્તિ રહે તે માટે મંદિરો, શાસ્ત્રો, વગેરેનો વારસો આપ્યો છે. આચાર્ય મહારાજ, સંતો, સાં.યો.બહેનોનું માર્ગદર્શન પેઢી દર પેઢી મળતું રહે તેવી વિશ્વમાં અજોડ વ્યવસ્થા ગોઠવી છે.

તેમ છતાં આજના વાતાવરણમાં કુસંગ પ્રેરિત દૂષણો દષ્ટિગોચર બન્યાં છે અને તેનો ચેપ સત્સંગ સમાજમાં પગપેસારો કરે તેવો ભય વ્યાપક બન્યો છે. ક્યાંક ક્યાંક તેની અસર દેખાય પણ છે.

આ દૂષણો સત્સંગ સમાજને ન અભડાવે તેની સંપ્રદાયનાં મંદિરો, સંતો, સાં.યો.પરિવારની બહેનો, બાલમંડળ, યુવક મંડળ, યુવતી મંડળ વગેરે સંસ્થાઓ તકેદારી સાથે પ્રવૃત્ત રહે છે.

આ અંગે સત્સંગી પરિવારના વડીલોને માથે પણ જવાબદારી રહેલી છે. ઘરમાં અને શેરીમાં ફરતાં રમતાં સંતાનો શાળા કોલેજ સાથે જોડાયેલાં રહે તે સમયમાં તેમની મિત્રસંગત, દિનચર્યા, તેમનામાં જોવા મળતું વાણી વર્તનનું પરિવર્તન આદિકનું નિરીક્ષણ કરતા રહેવું જોઇએ. પ્રસંગોપાત અધ્યાપકોનો સંપર્ક કરી સંતાનોના અભ્યાસ, વર્તન અને ચાલચલન જાણી લેવાં જોઇએ.

કાચીવયનાં સંતાનોનું મન ચંચળ હોવાથી તેમને સોબતનો રંગ જલદી લાગે છે. જો સોબત અમંગલ હોય તો વ્યસનોનું વળગણ ગળે લાગે છે. પાનપટ્ટી (કિમામ જેવા પદાર્થોથી યુક્ત) ધૂમ્રપાન, ગુટકા, તમાકુ પછી મામલો આગળ વધે તો અતિશય નિન્દાપાત્ર, ધર્મભ્રષ્ટ કરી જીવનને પાયમાલ કરતાં વ્યસનો અને દુશ્ચારિત્ર્ય સુધી પહોંચે છે. મોજમજા, શોખની લાલચમાં ચોરી તથા અન્ય ફોજદારી ગુનામાં સંડોવાઇ જાય છે. પરિવારની ખાનદાનીને લાંછન લગાડે છે.

વર્તમાનમાં અશુભ ટેવો સાથે સિનેમા અને બ્યુટીપાર્લરોની ઘેલછાએ યુવકો તથા યુવતિઓને ઘેરી લીધાં છે. ખાસ કરીને યુવતિઓ સિનેનટીઓનું અનુકરણ કરી ગોપનીય અંગો ખુલ્લાં દેખાય તેવી કઢંગી ચુસ્ત વેશભૂષામાં અર્ધનગ્ન દશામાં કાર્ટૂન જેવાં બની ખુલ્લે આમ ફરે છે અને ''રોડસાઇડ રોમિયા''ની સિસોટી તેમજ બળપ્રયોગનો ભોગ બને છે. શાયરે ઘણા સમય અગાઉ કહી દીધું છે –

''સબ મુજકો કહતે હૈં રખ નીચી નજર અપની
કોઇ ઉનકો નહીં કહતા નીકલો યું અયાં હોકર.''

''મતલબ, બધા મને કહે છે કે તમે પોતાની નજર નીચી રાખો, પણ કોઇ તેમને નથી કહેતું કે આમ ખુલ્લાં બનીને (દેહને પૂરો ઢાંક્યા વિના) ન નીકળો.'' વિશેષમાં નટી બનવાની ઘેલછામાં રાચનાર નાદાનને સમજ નથી હોતી કે એમાં દેહની પવિત્રતા અને નારી જીવનના સતીત્ત્વનું અવમૂલ્યન કરવું પડે છે.

બ્યુટી પાર્લરમાં જઇ મેકઅપ, ફેસીઅલ, આઇબ્રોના રંગરોગાનોથી ઇશ્વરદત્ત સૌંદર્યને ઢાંકી દઇ વિકૃત બિહામણા ચહેરા લઇ ફરતાં પાત્રો ભૂલે છે કે અસલીરૂપને હાનિ કર્યા વિના ભારતીય સંસ્કૃતિને અનુરૂપ મર્યાદામય વેશભૂષા, કેશગુંફન, મહેંદી, અળતો, અવયવ પ્રમાણે પ્રમાણસર અલંકાર વગેરે પ્રસાધનો બસ નથી શું ?

સત્સંગી પરિવારે સંતાનના ચિત્તને ગમે તેમ ઠેકડા મારતું રોકી શુભજ્ઞાન, શુભક્રિયા અને હરિભક્તિના યોગમાં મિલિત રાખવું એ ફરજ છે. ભક્તિના અંગરૂપ દેવદર્શન માટે મંદિર દૂર હોવાથી દરરોજ ન જવાય તો પ્રાતઃકાળમાં સમૂહ પ્રાર્થના, પૂજાપાઠ, સાંજે આરતી, રાત્રે ચેષ્ટા, ભજન, ધુન ઘરમાં કરી શકાય. ઘર એક મંદિર બને. પરિવારના વડીલો વાતનો સાર સમજી શ્રીજી મહારાજનાં વચનોનું પરિવારના અને સંતાનોના હિતમાં પાલન કરશે તો તેમાં શ્રીજી મહારાજનો રાજીપો રહેશે. ઇતિ. જયશ્રી સ્વામિનારાયણ...



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

લેખાંક - ૧૨

**સંહિતા યુગ (કાળ) :** (રચનાકાળની દષ્ટિએ વેદ પછી વેદની સંહિતાઓ આવે છે તેથી આંહિ વેદની સંહિતાઓનો પરિચય આપવામાં આવે છે.)

અત્યાર સુધી વેદના યુગનો પરિચય મેળવ્યો. વેદ કાળમાં ઋષિમુનિઓ, મુમુક્ષુજનો વેદના અધ્યયન અને શ્રવણ દ્વારા વેદના સંપૂર્ણ અર્થને સમજીને વૈદિક ધર્મના માર્ગે ચાલતા હતા અને આધ્યાત્મિક સાધના કરી મોક્ષને પામતા હતા. પરન્તુ કાળ ચક્રની ગતી ફરતી રહેતી હોય છે, ત્યારે લોકોની શારીરિક અને બૌદ્ધિક પરિવર્તન થાય છે. આ ન્યાયે સાક્ષાત્ વેદના અર્થને કે તેના રહસ્યને મુમુક્ષુલોકોને સમજવામાં કઠીનાઇ થવા લાગી ત્યારે વેદના જ અર્થના રહસ્યને સમજાવતા વેદની સંહિતાઓનો યુગ શરૂ થયો તો ચાલો જાણીએ સંહિતા યુગ વિષે.

**વેદ સંહિતાઓ :** ચારે વેદની સંહિતા છે. ઋગ્વેદ સંહિતા, યજુર્વેદની બે સંહિતા - કૃષ્ણ યજુર્વેદ સંહિતા અને શુક્લ યજુર્વેદ સંહિતા. સામવેદ સંહિતા અને અથર્વવેદ સંહિતાઓનું અવતરણ થયું.

જેમ જેમ કાળનું ચક્ર ફરતું ગયું, માનવ વંશ સૃષ્ટિની ગતિ સાથે આગળ વધતો ગયો, પણ બૌદ્ધિક ક્ષેત્રે લોકોમાં બુદ્ધિનો હ્રાસ થતો ગયો. હવે લોકોમાં મૂળ વેદના ગહન અર્થ અને રહસ્યને સમજવાની બૌદ્ધિક શક્તિ ન રહી. તેથી વેદનું મૂલાધ્યયન ઓછું થવા લાગ્યું, અધ્યયનના અભાવે વેદ પ્રત્યે રુચિ ઓછી રહી. પહેલાં જેટલું વેદાભિમાન ન રહ્યું, વિશ્વાસ મંદ થયો, તેથી વેદમંત્રના ભાવાર્થને સહજતા થી સમજી શકતા નહી. લોકોની આવી બુદ્ધિની પરિસ્થિતિ



જોઇ મહાપુરુષો, ઋષિમુનીઓએ લોકોની બુદ્ધિની યોગ્યતા પ્રમાણે વેદના રહસ્યને સ્પષ્ટ બતાવનાર. બ્રહ્મોપાસનામાં લીન રહેનાર ઋષિઓ વેદની ઋચાઓનું દોહન કર્યું અને ફળરૂપે સંહિતાનું અવતરણ થયું. વેદના જ અર્થને પ્રતિપાદન કરનાર વેદની સંહિતાઓ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. વેદની ગહન ભાષાની તુલતામાં સંહિતાઓની ભાષા સરલ અને સંક્ષિપ્ત હોવાથી લોકોને સંહિતાના અધ્યયન પ્રત્યે રુચિ જાગી તેથી તેનું અધ્યયન સર્વત્ર પાઠશાળા, આશ્રમો તેમજ વિદ્વાનોના ઘરે થવા લાગ્યું. ઋષિઓના આશ્રમોમાં પુનઃ વેદની ઋચાઓનો નાદ સંભળાવવા લાગ્યો. વેદના અર્થને સમજવામાં સરલતા પડી. પુન લોકો વેદના રહસ્યને સમજવા જીજ્ઞાસુ બન્યા અને સંહિતાના અધ્યયન પ્રત્યે આકર્ષાયા તેના પ્રત્યે શ્રદ્ધા, અભિમાન, વિશ્વાસ વધ્યો. અધ્યયનની સાધના ચાલુ થઇ તેથી સંહિતાના રહસ્યને સમજી શકતા હતા. આવા પવિત્ર સંહિતાના અધ્યયનને કારણે બુદ્ધિનો પૂર્ણ વિકાશ થયો અને વૈદિક માર્ગ આગળ ચાલવા લાગ્યો.

**ચારો વેદોની સંહિતાઓનો પરિચય :** ચાર ઋત્વિજોના વિશિષ્ટ કર્મો માટે આવશ્યક મન્ત્રોનું સંકલન

ચાર વૈદિક સંહિતાઓના રુપમાં કરવામાં આવેલ છે. ચારે વેદોની સંહિતાઓમાં ઋગ્વેદની સંહિતાનું ગૌરવ સૌથી વધારે છે. ભાષાની દષ્ટિથી પણ ઋગ્વેદની ભાષા સૌથી પ્રાચીન છે. તૈત્તિરીય-સંહિતાના કહેવા પ્રમાણે સામ તથા યજુ દ્વારા જે વિધાનો કરવામાં આવ્યાં છે તે શિથિલ છે પરન્તુ ઋક્ સંહિતા દ્વારા વિહિત અનુષ્ઠાન જ દ્રઠ હોય છે. પુરુસૂક્તમાં 'સહસ્રશીર્ષા' યશરુપી પરમેશ્વરથી ઋચાઓનો અવિર્ભાવ સૌથી પહેલાં બતાવ્યો છે.

**યજુ સંહિતા :** યજુર્વેદની મુખ્ય બે સંહિતાઓ છે. યજુર્વેદની સંહિતાઓ ગદ્યાત્મક છે. વેદના બે સંપ્રદાયો છે (૧) બ્રહ્મ સંપ્રદાય (૨) આદિત્ય સંપ્રદાય. શતપથ-બ્રાહ્મણ પ્રમાણે આદિત્ય-યજુ, શુક્લ યજુષ્ના નામે પ્રસિદ્ધ છે. તથા યાજ્ઞવલ્ક્ય દ્વારા કહેલ આદિત્ય-સંપ્રદાયનો પ્રતિનિધિ શુક્લયજુર્વેદ સંહિતા છે તથા બ્રહ્મ સંપ્રદાયનો પ્રતિનિધિ કૃષ્ણ યજુર્વેદ સંપ્રદાય છે. શુક્તયજુર્વેદ સંહિતામાં દર્શપૌર્ણમાસાદિ અનુષ્ઠાન માટે આવશ્યક મન્ત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમજ કૃષ્ણ યજુર્વેદ સંહિતામાં મન્ત્રોની સાથે તેના નિયોજક બ્રાહ્મણોને સંમિશ્રણ છે. મન્ત્ર તથા બ્રાહ્મણ ભાગનું એકત્ર મિશ્રણ જ કૃષ્ણયજુના કૃષ્ણત્વનું કારણ છે તથા મન્ત્રોનો વિશુદ્ધ અને અમિશ્રિત રુપ જ શુક્લયજુના શુક્લત્વનું કારણ છે.

શુક્લ યજુર્વેદની મન્ત્ર-સંહિતા વાજસનેયી સંહિતાના નામથી વિખ્યાત છે. જેના ૪૦ અધ્યાયોમાંથી અંતિમ ૧૫ અધ્યાય ખિલરુપથી પ્રસિદ્ધ હોવાને કારણે અવાન્તર યુગીય માનવામાં આવે છે. આ સંહિતાના વિષયનું અનુશીલન યજુર્વદના સામાન્ય વિષયોનો પરિચય કરાવવા માટે પર્યાપ્ત છે.

**કાણ્ય સંહિતા :** શુક્લ યજુર્વેદની મુખ્ય શાખા માધ્યન્દિન તથા કાણ્વ છે. કાણ્વ શાખાની પરંપરા મહારાષ્ટ્ર પ્રાન્તમાં જોવા મળે છે અને માધ્યન્દિન શાખાની પરંપરા ઉત્તર ભારતમાં જોવા મળે છે. પરન્તુ પ્રાચીન કાળમાં કાણ્વ શાખાની પરંપરા ઉત્તર પ્રદેશમાં હતી. કારણ કે એક મંત્રમાં કુરુ તથા પંચાદેશીય રાજાનો નિર્દેશ સંહિતામાં જોવા મળે છે **'एष वः क्रुरवो राजा, एष पञ्चालो राजा'** મહાભારતના આદિપર્વમાં ઉલ્લેખ પ્રમાણે શકુન્તલાને પોષ્યપુત્રી બનાવનાર કણ્વ મુનિનો આશ્રમ માલિની નદીના કિનારે હતો. જે આજે પણ ઉત્તર પ્રદેશમાં બિજનૌર જિલ્લામાં 'માલન' નામથી પ્રસિદ્ધ એક નાની નદી છે. તેથી પ્રાચીન સમયમાં કાણ્વ સંહિતાની પરંપરામાં ઉત્તર પ્રદેશમાં જોવા મળતી હતી.

**તૈત્તિરીય સંહિતા :** તૈત્તિરીય સંહિતાની પરંપરા દક્ષિણ ભારતમાં જેવા મળે છે. થોડી પરંપરા મહારાષ્ટ્ર પ્રાન્ત તથા આન્ધ્ર પ્રદેશમાં પણ જોવા મળે છે. તૈત્તિરીય સંહિતા બહુ જ નાની છે. પુરી સંહિતામાં ૭ કાણ્ડ તદન્તર્ગત ૪૪ પ્રપાઠક તથા ૬૩૧ અનુવાક છે. પૌરોડાશ, યાજમાન, વાજપેય, રાજસૂય આદિ નાના - નાના યાગાનુષ્ઠાનોનું વિશદ વર્ણન છે.

**મૈત્રાયણી સંહિતા :** મૈત્રાયણી સંહિતા ગદ્યપદ્યાત્મક છે. આ સંહિતામાં ચાર કાણ્ડ છે. (૧) આદિત્ય કાણ્ડ ૧૧ પ્રપાઠકોમાં વિભક્ત છે. જેમાં ક્રમશઃ દર્શપૂર્ણમાસ, અધ્વર, આધાન, પુનરાધાન, ચાતુર્માસ્ય તથા વાજપેયનું વર્ણન છે. (૨) મધ્યમ કાણ્ડના ૧૩ પ્રપાઠકો છે. તેમાં કામ્ય, ઈષ્ટિ, રાજસૂય તથા અગ્નિચિતિનું વિસ્તૃત વિવરણ છે. (૩) ઉપરિ કાણ્ડના ૧૬ પ્રપાઠકો છે તેમાં અગ્નિચિતિ, અધ્વર વિધિ, સૌત્રામણી અને અશ્વમેઘનું વિસ્તૃત વર્ણન અન્તિમ પાંચ પ્રપાઠકોમાં કરવામાં આવ્યું છે. (૪) ખિલ કાણ્ડના ૧૪ પ્રપાઠકો છે. રાજસૂય આદિ યજ્ઞો માટે જરુરીયાત સામગ્રીનું વર્ણન કરવામાં આવ્યું છે. **ક્રમશઃ**

**તા.૫-૯-૨૦૧૨ થી તા.૪-૧૦-૨૦૧૨ સુધી કચ્છમાં કથા પારાયણો**

**તા.૧૨-૯-૧૨ અ.ભાદરવા વદ-૧૧ બુધવાર થી ૫ દિવસ, માંડવી મંદિર**
**તા.૧૭-૯-૧૨ ભાદરવા સુદ-૨ સોમવારથી ૩ દિવસ, નવાગામ-ભચાઉ**
**તા.૨૬-૯-૧૨ ભાદરવા સુદ-૧૧ બુધવારથી ૫ દિવસ, ભુજ બન્ને મંદિર**



# ભારતમાં ૩૬૫ દિવસ મધર્સ ડે

– રમેશ કે. હિરાણી

**મધર્સ ડે એક કૃત્રિમ ઉજવણી :** પશ્ચિમના આંધળા અનુકરણે ભારતને શું આપ્યું ? જો એક વાક્યમાં કહેવું હોય તો જે જે સુંદર હતું તેને વિકૃત બનાવીને આપ્યું અને જે સ્વાભાવિક હતું તેને કૃત્રિમ બનાવ્યું.

૮ મી મેના દિવસે ઉજવવામાં આવતો 'મધર્સ ડે' તેનું ઉદાહરણ છે કેટલાકે તો માતાઓને એવોર્ડ આપ્યા. મીડિયાને ૨૧૩ દિવસનો મસાલો મળી ગયો. તેમની દષ્ટિએ સેલિબ્રિટીની માતા એજ સાચી માતા છે તેથી કલાકારો જેવાના જીવનમાં તેમની માતાની શું ભૂમિકા છે તેનું લાબું લાબું વર્ણન આપ્યું. જાણે કે સૈનિકો, પોલીસો, રીક્ષાવાળા, પટાવાળા, સુથાર-લુહાર, ખેડૂતો, મજૂરો, કારકુનો, ખાણમાં કામ કરતા લોકો, શાકભાજી વેચનારા, ઝાડુવાળા, નર્સ, છાપાં વેચનાર, ઘરકામ કરનારા જેવા અસંખ્ય લોકોના જીવનમાં તેમની માતાની કોઇ ભૂમિકા જ ન હોય. કેવું વિચિત્ર છે કેટલીક માતાઓને એવોર્ડ અપાયો ત્યારે છાપાવાળાઓએ આવી માતાઓની સુપરમોમ અથવા બેસ્ટમોમ કહી.

**મા એ એક અક્ષરી મંત્ર છે :** માના નામનું સ્મરણ કે ઉચ્ચારણ માત્ર આપણા જીવનને સુખ-સમૃદ્ધિથી ભરી દે છે આપણી જીવન શૈલીમાં માને ભગવાનનો દરજ્જો અપાયો છે. માની ગરિમા એટલી બધી છે કે આપણે ધરતીને, નંદીને ભારતવર્ષની ગાયને પણ મા કહીને બોલાવીએ છીએ. માનું વ્યક્તિત્વ એવું છે જેની સામે સંતાનની પ્રતિષ્ઠા, પદ, દલીલો, ચર્ચા, સમસ્યાઓ... બધું ઓગળી જાય છે.

ગણપતિએ તો માતા-પિતાની પ્રદક્ષિણાને જે પૃથ્વીની પ્રદક્ષિણા માનેલી. તેમના માટે એક તરફ સમગ્ર પૃથ્વી અને એક તરફ માતા-પિતા હતા અને છતાં માતા-પિતા તેમના માટે ચઢિયાતા હતાં.

**મધર્સ ડે એક વિકૃતિ શા માટે ? :** આપણે મધર્સ ડેની ઉજવણીને એક હાસ્યાસ્પદ વિકૃતિ માનીએ છીએ જેનાં અનેક કારણો છે.

- ભારતમાં વર્ષનો પ્રત્યેક દિવસ જ નહીં પ્રત્યેક ક્ષણ એ માની ભક્તિ હોય છે.
- માએ કરેલી સેવા માટે આપણે ભક્તિભાવ જ હોઇ શકે તેનો બદલો શક્ય નથી.
- માનો કદી આભાર ન માનવાનો હોય, તેની કૃપા જ હોય.
- માતાની સામે કોઇ ઔપચારિકતા ના હોય, સહજતા હોય.
- માનું જાહેર સન્માન એ તેનું અવમૂલ્યન છે. સંતાનોનું સ્મિત. સંતાનોનો પ્રેમભાવ, સંતાનોનું સુખ એજ તેને સન્માન જેવા લાગે છે.

**ફેર માત્ર અભિગમનો છે :** પ્રશ્ન એ છે કે માને કોઇ વિશેષ દિવસે જ યાદ શા માટે કરવી પડે ? ૩૬૫ દિવસોના જો એક દિવસ માનો હોય તો બાકીના ૩૬૪ દિવસ કોના ?

વાસ્તવિકતા એ છે કે પશ્ચિમમાં સંતાનો અને માતા-પિતાના સંબંધો તદ્દન ઔપચારિક, નહીવત અને નીરસ છે. કેટલીકવાર તો સંતાન જો પિતાની પાસે રહેતો હોય તો માતા કોણ એ જાણતું પણ ન હોય એવું બને છે. તેથી ત્યાં પ્રેમ બતાવવાં વેલેન્ટાઇન ડે, ફાધર્સ ડે, મધર્સ ડે... જેવી ઉજવણી કરવી પડે છે. માતા કે પિતા જેવું કાંઇ છે તેવું યાદ રાખવા માટે તેમને 'ડે' મનાવવો પડે છે. આપણે ત્યાં માતા-પિતાની ભક્તિ સહજ સ્વાભાવિક અને નિરંતર છે. માતા-પિતા કેટલાક અપવાદો બાદ કરતા, પ્રત્યેકના જીવનનો એક અવિભાજ્ય હિસ્સો છે. પશ્ચિમમાં ઔપચારિકાતાને લીધે

સહજતા મરી પરવારી છે.

**પશ્ચિમથી અંજાઇ જ જઇએ :** આપના ઘરના આંગણા સુધી આવા વિચારો આવશે તો આપના બાળકોમાં આવશે તો સમજી લોકો આવતી ૮ મી મેના દિવસે માતા-પિતાની પૂછા કરવા અને ગિફ્ટ લઇને તેમના સંતાનો વૃદ્ધાશ્રમે જશે. અથવા એક દિવસ ઘરે લાવશે અને બીજા જ દિવસે અથવા તે જ દિવસે વાજતે ગાજતે આશ્રમે ધક્કો દેવા હાલશે.

આટલા દિવસ મધર્સ ડેની ઉજવણી સીમિત હતી, પરંતુ હવે આ દિવસો માં એક મોટી પણ ઉજવણી થઇ રહી છે. મીણબતીઓ ઓલવીને હેપીબર્થ ડે ટુ યું કહીને જન્મદિવસની ઉજવણી થઇ રહી છે. વેલેન્ટાઇન ડે કે મધર્સ ડે માનવીના જાહેર કાર્યક્રમો બની ગયા છે. લોકોને ઇચ્છા હોય કે ન હોય પણ ગિફ્ટ લઇને પરાણે નીરસ કાર્યક્રમમાં જવું પડે છે. આપણે મોડર્ન ન થઇએ એવી વાત નથી, વાત એટલી જ છે કે આપણી નૈતિકતા અને સહજતા ન છોડીએ. માને 'મધર' કહેવાથી કોઇ ફેર પડતો નથી. અરે, મીઠાશ તો મા શબ્દમાં જ છે. વાસ્તવમાં શ્રેષ્ઠતા માટેનો બીજો શબ્દ છે મા. એટલે જ શ્રેષ્ઠ તેથી સુપર 'મોમ' કે બેસ્ટ 'મોમ' જેવા શબ્દો માતૃત્વનું અવમૂલ્યન છે. આપણી પરંપરા મુજબ પ્રત્યેક ક્ષણે માનું ભક્તિભાવની ગૌરવ કરતા રહીએ. મા સંતાનની પાસે હોય તે જ તેના માટે ઉત્સવ હોય છે.

# ''હે, માનવી તું માનવ થા...''

– નારણ રવજી હાલાઇ – કોડકી



જ્યારે ભગવાને મનુષ્યનું સર્જન કર્યુ હશે ત્યારે હરખાઇને એવું માનતા હશે કે, ''આ હાહાહા !!! મારા બધાજ સર્જનોમાં સૌથી શ્રેષ્ઠ સર્જન છે માનવી !'' થોડા સમય પછી એમને વિચાર આવ્યો હશે કે, ચાલો જોઉં તો ખરો કે મારું શ્રેષ્ઠ સર્જન કેવા શ્રેષ્ઠ કાર્યો કરે છે ? ઇશ્વર જોઇને એવો તો પસ્તાયો કે માણસ જેવો માણસ 'કીડો' બની એકબીજામાં લડતો-ઝઘડતો, મારકૂટ, લૂંટફાટ-માનવતાનું ખૂન કરતો હતો. આ જોઇને ઇશ્વર કદાચ ઝાડમાં જઇને સંતાઇ ગયો હશે ? કારણ કે વૃક્ષમાંથી બનતા વાજીંત્રો સૂર, સુ-મધુર, કર્ણપ્રિય કેમ હોય છે ? કારણ કે તેમાં ઇશ્વરનો વાસ છે.

આજે માણસને એકલાં રહેવું ગમતું નથી અને બીજા જોડે બનતું નથી. 'માનવ સેવા એજ પ્રભુ સેવા' જેવા સુવાક્યો આજે ફકત શાસ્ત્રોમાં કે દિવાલ ઉપર જ રહી ગયાં પરંતુ માનવે તેને અંતરમાં ન ઉતાર્યા જેને કારણે આજે માનવી, માનવી ન રહ્યો. ઠીક લાગે તો પતિ-પત્ની, બાપ-દીકરાને તો દીકરો બાપને મારી નાખે છતાંય માનવીને કાંઇ થતું નથી. માનવી આવે ક્રૂર બની ગયો છે. આજે એકવીસમી સદીમાં માનવીને કુતરા કે બિલાડી સાથે પ્રેમ કરતા આવડયો પણ એજ માનવીને માનવી સાથે પ્રેમ કરતાં ના આવડ્યો.

જેલમાં રહેલાં એક કેદીને પુછવામાં આવ્યું કે તમને શું સજા થઇ છે. ત્યારે તે કહે આજીવન કેદની સજા, શા માટે તો કહે મેં ખૂન કરી નાખ્યું. કોનું ખૂન કર્યુ ત્યારે તે બે પગવાળો માનવી જેને દુનિયા ઇશ્વરની આકૃતિ કહે છે તે કેદી બોલ્યો કે મેં મારી પત્નીનું ખૂન કર્યુ. શા માટે ખૂન કર્યુ. તો કહે કે એ મને ગમતી નથી. આ,હા હા હા હા આજે એકવીસમી સદીમાં માનવીને માનવી નથી ગમતો તો પછી માનવીને કહેવું પડે કે હે ! માનવી તું માનવ થા.

આપણે દરરોજ વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ કે, માનવ, માનવ પ્રત્યે કેટલો ક્રૂર બની ગયો છે. ત્રણ વર્ષનું બાળક આજે પોતાના છ મહિનાના ભાઇની હત્યા કરી નાખે આવા તો કેટલાય કિસ્સાઓ વાંચવા, સાંભળવામાં આવે છે. જે દુનિયા આજે માનવીથી શોભી રહી છે એજ દુનિયાને અંધકારમય બનાવતા જરાય વાર લાગે એવું લાગતું નથી. વર્ષોથી ગાય ઘાસ ખાય છે. સિંહ પોતાનો ખોરાક માંસ ખાય છે પણ આજ સુધી નક્કી ન થયું કે માનવીનો ખોરાક શું છે. આ જોતાં આપણને એવું નથી લાગતું કે આપણે કુદરતના ગુનેગાર છીએ અને એ કુદરત આપણને સજા કરે તે પહેલા ''હે માનવી તું માનવ થા''

# કર્મ અને માનવી

– શ્રીમતી માયા અનિલ મહેતા, ભુજ



મન અને માનવી સાથે કર્મ પણ જોડાયેલું છે. કર્મની બાબતમાં થોડી ઘણી સામાન્ય જાણકારી હોવી જરૂરી છે. કર્મ સાથે માનવી સંકળાયેલો છે તે આપણે જોઇએ.

"H$_Ê` dm{YH$mañV _m \$bf H$XmMZ'

'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન'

ગીતાજીના ઉપદેશમાં શ્રીકૃષ્ણે અર્જુનને આ મહામૂલો ઉપદેશ આપ્યો છે. જે ભારતીય હિન્દુ ધર્મના પાયાનો ભાગ છે. કર્મ વિશે આપણા શાસ્ત્રો, પુરાણો, વેદો અને આપણા ઋષિ-મુનિઓએ વિસ્તારથી સમજાવ્યું છે. ભારતના દરેક હિંદુ ધર્મમાં આ બાબતની વિસ્તૃત છણાવટ પણ કરેલી છે.

કર્મને સમજવું આપણા હિન્દુઓને અત્યંત મહત્ત્વનું છે. કર્મ કોને કહેવાય ? કર્મ પ્રમાણે ગતિ અને જન્મ-મરણ, પુનર્જન્મનો પણ સમાવેશ થાય છે. આ બધું એક સાંકળરૂપ છે.

આપણે કર્મને સાદા અર્થમાં સમજવાનો પ્રયત્ન કરીએ. તો પણ આપણે અફાટ સાગરના એક બિંદુનું પયપાન થયું ગણાશે. જે જીવાત્માને મોક્ષના દ્વારે લઇ જશે. તુલસીદાસજીએ પણ પોતાની ચોપાઇમાં કહેલું છે કે,

"""H$a_ àYmZ {dœ H$ma I mZm &<br>
Om Og H$aB gm Vg \$b Mm I m &&''<br>
Vbgr a I m H$_ H$r bbmQ {b I XrZm &<br>
ndOÝ_, nÝ`-nmn H$ A{ I b OJ AmYrZ &&

કર્મ અને કર્મફળ વચ્ચેનો સંબંધ નિયત અને સાર્વત્રિક છે. પ્રત્યેક કર્મનું ફળ અચૂક મળે છે. પ્રત્યેક શુભાશુભ સકાળ કર્મથી ઉપજેલ પુણ્ય, પાપાદિક ના પરિણામ રૂપે સુખ દુઃખનું ફળ અવશ્ય મળે છે.

કર્મનો સામાન્ય અર્થ થાય છે કર્મ (કાર્ય) કામ, માનવ (જીવાત્મા) તેના તન, મનથી જે કંઇ વિચારે, જે કંઇ પ્રવૃત્તિ કરે તેને સાદી ભાષામાં કર્મ કહી શકાય. પણ માનવના આ કર્મ સાથે તેનો નાતો એટલા પૂરતો રહેતો નથી. જે રીતે ઇશ્વરનો વાસ અણુ-અણુમાં રહેલો છે. તેમ કર્મ આ માનવ સાથે જન્મોજન્મ સાથે વસેલો છે. કર્મ કરો અને પરિણામ ભોગવવાનું છે, એટલે કે ફળ તો મળવાનું છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે આજ ઉપદેશમાં કહેલું છે, કર્મ કરેજા, ફળની ઇચ્છા ન રાખ, કારણ કે કર્મ સાથે ફળ જોડાયેલું છે. એમ કહી શકાય તે 'એક સિક્કાની બે બાજુ' છે.

સંસારના માનવ (જીવાત્મા) દેહધારી હોવાથી દેહના ગુણો અને સંસારના મોહ-માયા, મમતાથી લપેટાયેલો રહે છે, તેની દષ્ટિ જ્ઞાન પ્રકાશને બદલે અજ્ઞાનરૂપી મમત્વના પ્રકાશપૂંજને નિહાળે છે. આ પ્રકાશપૂંજમાં તેની દિશા બદલાઇ જાય છે, અને કર્મના સારા-નરસા બંધનોમાં ફસાતો જાય છે. મૂઢ બનેલો જીવ આ સારા – નરસા કર્મોની માપણી કરી શકતો નથી. અને જન્મ-મરણના ફેરામાં ભટક્યા કરે છે. એક સારું કર્મ તેને કોઇ જન્મમાં મોક્ષનો દ્વાર ખોલી દે છે. તો તે જીવાત્મા એ દિશા પકડી રાખે તે મોક્ષના દ્વારે પહોંચે છે.

કર્મો દ્વારા પ્રાપ્ત થયેલાં પુણ્ય પૂરા થતાં ચેતનાનાં સ્તરો ઉપરથી દુઃખોના જગતમાં પુનઃ પરત થવું પડે, અને માનવીને આ લોક અને પૃથ્વીલોકની વચ્ચે અથડા-અથડીથી કંઇક અંશે તેનામાં ભૌતિક જગતથી અનાસક્ત બની અને શુભ કર્મો જ કરવા એ જ્ઞાનને જીવંત રાખીને એવી ઉપાસનામાં જોડાઇને અંતઃ કરણ શુદ્ધ બનાવે તે અક્ષરધામને પામે છે. અને શુદ્ધ પવિત્ર અંતઃકરણવાળો મનુષ્ય બધા કર્મો પરમાત્માને અર્પણ કરીને આસકિત છોડી પરમાત્માની સેવામાં જોડાઇ શકે છે.

કેનોપદેશમાંથી સાભાર...

# સુખ અને દુઃખ

ધરમશીભાઇ દેવસી ભગત



નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણીમાં લખ્યું છે કે શ્રી હરિ ભક્તજનોને કહે છે,

સુખ દુખ સર્વે આવે ભેળું તેમાં રાખજો સ્થિરમતિ,
જાળવીશ મારા જનને વળી જતન કરીશ અતિ.
તેમ કરતાં પંડ પડશે તો આગળ સુખ છે અતિઘણું,
પણ વ્રત ટેક જો ચૂકશો તો ભોગવશો સૌ સૌ તણું.

શ્રી હરિ કહે છે એકી સાથે સુખ અને દુખ આવી પડે તો પણ વિચલિત થશો નહિં. હું સર્વ પ્રકારે તમારી રક્ષા કરીશ. પણ જો તમારી મરજી મૂજબ વર્તશો તો તમારા કર્યાં તમે ભોગવશો. અમારી આજ્ઞા પ્રમાણે રહેશો તો આવી પડેલ દુખ પણ અંતે સુખદાયી બની રહેશે.

જે દુખે સુખ ઉપજે તે દિયે છે દયા કરી.
જે સુખે દુખ ઉપજે તે આપે નહિ કેદી હરી.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સુખ દુખ-જન્મ-જીવન અને મરણ માટે જે અભિગમ છે તે અજોડ છે અને એના મૂળ સમજાય તો કહ્યા વગર રહેવાતું નથી કે હે પ્રભુ તારી કરૂણાનો કોઇ પાર નથી. સુખ અને દુઃખનું મૂળ સમજવા માટે હરિલીલામૃતમાં એક પ્રસંગ છે તે પૂરતો છે તેનાથી ચઢિયાતો પ્રસંગ બીજે ક્યાંય જોવા મળે તેમ નથી. ગોડલના મહારાજા સંગ્રામસિંહનો એકનો એક ગાદી વારસ પુત્ર નામે પૃથુભા નાની ઉંમરે જ મરણ પામ્યો રાજા ખૂબ જ દુખી થઇ ગયા. મહિનાઓ સુધી પણ શોકમગ્ન રહ્યા. પ્રજાને રાજા આશ્વાસન આપે પણ રાજાને કોણ આશ્વાસન આપે ! ગુણાતિતાનંદ સ્વામીને આ ખબર પડી ત્યારે તેઓ મહારાજાને શોકમૂક્ત કરવા ને આશીર્વાદ આપવા ગોડલ પધાર્યા. રાજાએ પ્રેમથી સંતોની પધરામણી અને પૂજા અર્ચના કરી. આ સમયે સ્વામીએ રાજાને ફકત એક કથા સંભળાવી જેથી રાજાનો શોક ઉતરી ગયો. સ્વામીએ આશીર્વાદ આપ્યા કે તમને બીજો પુત્ર થશે જે ખૂબ જ પરોપકારી ને ભગવદિય હશે. સ્વામી વચનસિધ્ધ મહાપુરુષ હતા. રાજાને તે ખાત્રી હતી જ. હવે તો પરીક્ષા કરવાની નહોતી પ્રતિક્ષા કરવાની હતી. રાજાને પુત્ર થયો તેમનું નામ ભગવતસિંહજી રાખવામાં આવ્યું. ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ શબ્દકોષ (ડિક્ષનેરી) આ ભગવતસિંહે તૈયાર કરાવેલો. જે ''ભગવતગોમંડળ''ના નામે પ્રસિદ્ધ છે આ ગુજરાતી કોષનાં નવું ભાગમાં ૨,૮૧,૩૭૭ શબ્દો અને ૮,૨૧,૮૩૨ અર્થો અને ૨૮,૧૫૬ એટલા રૂઢી પ્રયોગો છે.

હવે મૂળ વાત પર આવીએ. કઇ કથાથી રાજાનો સંતાપ દૂર થયો ? તે કથા આ રહી. એક બ્રાહ્મણ હતો પ્રખર જ્યોતિષનો જાણકાર તેમને કોઇ સંતાન ન હતું. ૪૦ વર્ષે તેમને એક પુત્ર જનમ્યો. બ્રાહ્મણો પોતાના પુત્રની જન્મકુંડળી જોઇ રાશિફળ જાણ્યું અને દુખી થઇ ગયો. જે દિવસે પિતા પુત્રનું મુખ જુએ તે દિવસે પિતા કાં પુત્ર બે માંથી એક મૃત્યુ પામશે. પુત્રને નવજીવન આપવા પત્નીની રજા લઇ બ્રાહ્મણ ઘરબાર તજી ભૂમિભ્રમણ અને યાત્રા કરવા નીકળી પડ્યો. છોકરો મોટો થયો. સમજણો થયો. એક દિવસ શેરીમાં દડો રમતાં (આજે ક્રિકેટ કહીએ તો પણ ચાલે) દડો એક ડોસીના માથામાં વાગ્યો. ડોસીએ ક્રોધાવેશમાં આવી આ છોકરાને મહેણાં (કટુ વચન) સંભળાવ્યાં. મુઆ-નમાવતારા બાપ વગરનાને સંસ્કાર ક્યાંથી હોય. રમવાનું મૂક અને પ્રથમ એ તપાસ તો કર કે તારો બાપ ગયો કયાં ? છોકરાએ ઘેર આવી માતા પાસે હઠ પકડી કે બતાવ મારા પિતા શા માટે અને ક્યાં ગયા છે ? માતાએ વાત કરી કે તારી જન્મકુંડળીમાં એવું આવ્યું એટલે એ ગૃહત્યાગ કરીને ચાલ્યા ગયા છે. આ છોકરો બીજા મિત્રની મદદ લઇ બાપને શોધવા ચાલી નીકળ્યો. અંતે ભેટો થઇ પણ ગયો. પણ વિધિના લેખને કોણ બદલી શકે છે. એ થઇને જ રહ્યું જે જન્મકુંડળીમાં હતું. એક ધર્મશાળા કે જ્યાં આ બ્રાહ્મણ મઠધારી થઇને રહેતો હતો. રાતે ઉઠાવવા બદલ આ મઠધારી છોકરા પર ગુસ્સે થયો. કોણ છો ? અરધીરાતે જંપ કરવા દેતા નથી ને બીજાનું લોહી પીવા કટાણે હાલ્યા આવો છો તે ? છોકરાની અને બ્રાહ્મણની

આંખ મળીને છોકરાને ઉલટી થઇ. મિત્ર જે સાથે હતો તેણે કહ્યું અરધી રાતે બીજે ક્યાં જઇએ. બિમાર જાણી એક રાત રોકાવા દયો. પેલા બ્રાહ્મણે ધક્કા મારી છોકરાને બહાર કાઢી મૂક્યા. છોકરો પાણી પાણી કરતો બહાર રસ્તા ઉપર જ ગુજરી ગયો. સવાર પડી. ગામના લોકો ભેગા થઇ ગયા. પેલો બ્રાહ્મણ પણ કૂતુહલ વશ વિચારે છે કે આટલા બધા માણસો કેમ ભેગા થયા છે ગામલોકોએ પૂછયું કે તમે કોણ છો અને કયા ગામના છો ? શા માટે આવવાનું થયું ? છોકરાએ બધી વાત કરી આ ગામ અને ફલાણા બ્રાહ્મણનો આ દીકરો તેને શોધવા અમે આવ્યા હતા. અને આ દશા થઇ. હવે કયા મોઠે પાછા જઇ આની માતાને શું જવાબ આપીએ. પોતાનું ગામ અને પોતાનું જ નામ સાંભળી આ મઠધારી બ્રાહ્મણનું ચિત્ત ચકરાવે ચડયું. આ મારો જ પુત્ર કે જેની જન્મકુંડળી મેં જ જોયેલી અને જેને માટે ઘરબાર તજ્યું એ બધું આંખ સામે તરવરવા લાગ્યું બહાર આવી પોક મૂકી છાતી કૂટવા લાગ્યો. કે હું જ એ અભાગી બાપ છું મેં જ તેને ધકામારી બહાર કાઢયો હતો. મારા થકી જ તે મોતના મુખે જઇ ચડ્યો. હાય રે.. હવે હું શું કરું ? હરિલીલામૃત ગ્રંથમાં આનો સાર લખ્યો છે.

નિજનો ન ગણ્યો જ જ્યાં સુધી દિલમાં દુઃખ થયું ન ત્યાં સુધી
નિજનો સુત જ્યારથી જાણીઓ પ્રજળ્યો પૂર્ણ પીડાથી પ્રાણીઓ
મમતા દુખ કેરૂં મૂળ છે. મમતા માં જ સહસ્ત્ર સૂળ છે
મમતા મનમાંથી જો તજે સુખ શાંતિ જન તો સદા સજે.

જ્યાં સુધી મોહ માયા મમતા અને અભિમાન મૂક્યાં નથી ત્યાં સુધી દુઃખ દૂર નહિ થાય. સુખનો અનુભવ નહિ થાય ને ભગવાન પણ દૂરના દૂર જ રહેશે. એક હરિભક્તના નાતે શું મૂકવું અને શું માગવું તેમજ શું પકડવું અને શું ત્યાગવું એ વિષે પછી કયારેક –

# સર્વ મંગલ માંગલ્યે...

હિંમ્મત કે. ઠક્કર 'રઘુવંશી',
લાલજીભાઇ વી.હીરાણી




કોઇ પણ શુભ કાર્યના પ્રારંભમાં ઇષ્ટદેવનું મંગલાચરણ કરવાની પ્રાચીન પરંપરા છે. શ્રીજી મહારાજ પણ શિક્ષાપત્રીના પ્રથમ શ્લોકમાં મંગલાચરણ કરે છે.

પ્રથમ શ્લોકનો અર્થ : ''જેના ડાબા પડખામાં રાધિકાજી રહ્યાં છે, અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે, અને વૃંદાવનમાં વિહાર કરનારા એવા શ્રી કૃષ્ણનું હું હૃદયમાં ધ્યાન કરું છું.''

કયારેક એવું દેખાય છે કે, આજનાં બુદ્ધિજીવી માનવો સાંભળેલું, વાંચેલું સમજ્યા પહેલાં જ પ્રશ્નોની ઝડીઓ વરસાવી દે છે...!

- ખુદ પરમાત્મા સ્વરૂપ શ્રીજી મહારાજે મંગલાચરણ શા માટે કર્યુ હશે...?
- શ્રી કૃષ્ણ ભગવાનનું જ મંગલાચરણ શા માટે...?
- શ્રી કૃષ્ણ સાથે રાધાજીની શી જરૂર છે ?
- શ્રી કૃષ્ણના હૃદયમાં લક્ષ્મીજી જ શા માટે છે...?

અનંત બ્રહ્માંડોના રચયિતા નિયંતા અને પ્રલય કરતા પરમાત્માનું કોઇ પણ કાર્ય નિષ્પ્રયોજન હોઇ જ ના શકે ને નિર્વિવાદ છે. તેથી શ્રીજી મહારાજે વૈદિક પરંપરાને પોતે સ્વીકારી સૌને સ્વીકારવા ઇશારો કર્યો છે.

શ્રી કૃષ્ણના ડાબા પડખે ઊભેલા શ્રી રાધાજી પ્રેમસભર સેવા પરાયણતાનું પ્રતિક છે. પ્રભુનું સર્જન સ્ત્રી પ્રેમ, હૂંફ, આત્મિયતા અને માર્દવતાનાં અદ્‌ભુત ગુણો ધરાવે છે. અને સેવા એ તેનો જન્મ સિદ્ધ અધિકાર છે, અને પ્રભુના વક્ષઃસ્થલમાં બિરાજે છે લક્ષ્મીજી. પરમાત્માનો જે સતત આશ્રય કરે તે છે લક્ષ્મી. સાંસારિક લક્ષ્મી તેના ખણખણાટ જેવી જ ચંચળ પણ હોય છે. જ્યારે પ્રભુનાં હૃદયાસન પર

બિરાજમાન લક્ષ્મી છે સ્થિર...! તેથી જ લક્ષ્મી-નારાયણની પૂજા શ્રેષ્ઠ મનાય છે.

સમુદ્ર મંથનથી મળેલા લક્ષ્મીજીએ સર્વગુણ સંપન્ન પરમાત્માને જ કમળ-માળા કંઠે પહેરાવી ત્યારે પ્રભુએ તેમને હૃદયમાં અવિચળ વાસ આપ્યો. આ જ લક્ષ્મીજી વૃંદાવનમાં પણ શ્રીકૃષ્ણ સાથે જ રહ્યાં હતા. શ્રીમદ્ ભાગવતજીનો દશમ સ્કંધ આનું સાક્ષી છે.

""ZXñ` dO _mJV, O`V{ VS{YH$ OÝ_Zm dO: &
I `V B{ÝXam eídI {h &&''

વળી, કૃષ્ણ સાથે રાસોત્સવની રસલહાણ લૂંટતી ગોપીઓએ તેમને કહ્યું કે-હે પ્રભુ ! વ્રજમાં નિરંતર તમારી સાથે રહેતા લક્ષ્મીજીથી આપ ખૂબ દીપી ઉઠો છો.

તદ્ઉપરાંત, ભાગવતજીમાં જ ગજેન્દ્રમોક્ષની દિવ્ય કથામાં પ્રાર્થના કરતાં કહે છે-હે પ્રભુ ! જે મુક્તાત્માઓ પોતાના હૃદયમાં તમારો સાક્ષાત્કાર કરે છે, એવા તમોને હું નમસ્કાર કરું છું.

આમ, પરમાત્માનું સ્વરૂપ હૃદયમાં જ બિરાજમાન છે. જગત પરનો શ્રેષ્ઠતમ હાર્ટ સર્જન પણ હૃદયની ચીરફાડ વખતે હૃદયની રચનાઓને અવશ્ય જાણી શકે છે, પરંતુ તેને પણ એમાં રહેલા પરમાત્મા બિલકુલ દેખાતા નથી..! આમ કેમ...? તો શું શાસ્ત્રોક્ત વાતો - હૃદયમાં પરમાત્મા બિરાજે છે તે વાત ખોટી...? શાસ્ત્રો ખોટાં ? ના...જી...! શાસ્ત્રો, હૃદયમાં પરમાત્માનું સ્વરૂપ અને હૃદયની નસેનસના જાણકાર હાર્ટ સર્જન... બધું જ સાચું...! પરમાત્મદર્શન તો દિવ્ય-દૃષ્ટિથી જ થાય. કુરૂક્ષેત્રમાં અટવાઇ પડેલા અર્જુનને શ્રી કૃષ્ણે જ તો દિવ્ય ચક્ષુ આપ્યા. પણ આ દિવ્ય-દૃષ્ટિ આપે કોણ...? કાંતો સ્વંય પ્રભુકૃપા અથવા સદ્ગુરુ કૃપા જ આ કરી શકે...!

આજ ઘટનાને પતંજલી ઋષિનાં યોગશાસ્ત્રથી જાણીએ તો - જીવમાત્રમાં બે હૃદયો હોય છે. પાર્થિવ દૃષ્યમાન લોહીનું શુદ્ધીકરણ કરતું... ધ..ક.. ધ..ક.., ધ..ક.., ધબકતું હૃદય અને છાતીની વચ્ચોવચ્ચ સૂક્ષ્મત્તમ હૃદય જે દૃશ્યમાનજ નથી... ! શરીરમાંના મૂલાધારથી સહસારવાળા સાત ચક્રોમાનું અનાહત ચક્ર તે જ પરમાત્માની બેઠક છે...!!

શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી અંકીત કરી ત્યારે તેમણે ઉપદેષ્ટા ધર્મ સ્વીકાર્યો છે. 'ઉપદેષ્ટા' એટલે ખુદ પોતે પહેલાં આચરણ કરે પછી બીજાઓને શિક્ષિત કરી દોરવણી આપે.

શ્રી રામચંદ્ર ભગવાને લંકા પર ચઢાઇ કરવા પહેલાં રામેશ્વર ભગવાનની સ્થાપનાને પૂજન કર્યાં તેથી તેઓ ચૌદ કલાધારી અવતાર મટી જતા નથી. તે તેમની લીલા હતી. તેવી જ રીતે શ્રી સહજાનંદ સ્વામીનું પણ લીલા-ચરિત્ર અનેક સ્વરૂપે દેખાય છે જેમાં સોળેકળાએ સજ્જ શ્રીકૃષ્ણ પરમાત્માનું રાધાજી તથા લક્ષ્મીજી સાથે શિક્ષાપત્રીમાં આપણા માટે માર્ગદર્શક લીલા-ચરિત્ર છે. તેથી -

બ્રહ્માંડના રચયિતાને રચના શું નડે ?
સાચા હરિભક્તને અવિશ્વાસ કેમ અડે ?
સંસારી ભાતભાતના કુકર્મી ચેડાં કરે !
તેથી જ, માનવને તેનાં જ વાંદરવેડા નડે !!

---

# "સુખના સૂરજ બની આવ્યા સહજાનંદ"

- અતુલ બી. પોથીવાલા (મેમનગર-અમદાવાદ)



સંવત ૧૮૫૬ની શ્રાવણ વદી છઠ્ઠનો એ દિવસ હતો. શ્રાવણ માસ હતો છતાંય એ દિવસે સૂરજનાં આવાં અજવાળાં પૃથ્વીને પ્રક્ષાલી રહ્યાં હતાં. પનિહારીઓ માથે ગાગર અને કેડમાં ઘડા લઇને લોજ ગામની વાવે પાણી ભરવા આવી. તેમની નજર નીલકંઠવર્ણી પર પડી. સૌ અવાક્ બની

ગઇ ! સૌનાં મન નીલકંઠની મનોહર મૂર્તિમાં તણાઇ ગયાં ! બધી સાહેલીઓ પરસ્પર વાતો કરવા લાગી. ''જો તો ખરી ! કેવાં સુંદર બાળબ્રહ્મચારી મહારાજ બેઠા છે ! જાણે રાજકુમાર જ બ્રહ્મચારી બનીને આવ્યા છે ! આટલી નાની ઉંમરમાં શા માટે વૈરાગ્ય લીધો હશે ! એમની માને કેટલું દુઃખ થયું હશે ? ચાલ આપણે એમને બધું પૂછીએ.''

એક પછી એક સખીઓ આવી નીલકંઠને પૂછવા લાગી. ''આંખો ખોલો અને બોલો બાલુડા જોગી, તમે વૈરાગ્ય શાને લીધો, શું મા-બાપ લાડ નહોતા લડાવતાં ? કે પછી ભાઇ-ભાઇથી રિસાઇને વૈરાગ્ય લીધો છે?''

ત્યાં બીજી બોલી, ''હાય, એમના શરીર સામું તો જુઓ, નરી નાડીઓ દીસે છે. કેટલું તપ કર્યુ છે. કાંટાળી વાડોમાં કેમ ચાલ્યા હશે ? જંગલ અને પહાડોમાં રાત-દિવસ કેમ ગાળ્યા હશે ? અન્નજળ વિના દિવસો કેમ પસાર કર્યા હશે ? આવું કોમળ શરીર લઇને વગડામાં રેતીમાં કેવી રીતે સૂતા હશે ? આવાં ઉઘાડો શરીરે તમે ટાઢ, તડકો અને વરસાદ કેવી રીતે સહન કર્યા ? હે બાલુડા જોગી ! અમને વાત કરો.''

પરંતુ નીલકંઠવર્ણી તો બસ ધ્યાનમાં જ મસ્ત હતા. છેવટે બધી પનિહારીઓએ વિનંતી કરી, ''હે પ્રભુ ! હે બાળજોગી ! કૃપા કરીને અમારે ઘેર પધારો. અમે નિત્ય નવી રસોઇ કરીને જમાડીશું. અમારી સેવા અંગીકાર કરી અમારું ઘર પાવન કરો.'' વર્ણીરાજ તો ધ્યાનમાં અવિચળ બેઠા હતા. છેવટે બધી સાહેલીઓ અંદરો અંદર વર્ણીરાજનો વૈભવ ગાતી પાણીની ગાગરો ભરીને ઘર તરફ પાછી ચાલી ગઇ !

શ્રાવણી ઝરમરિયાં થોડીવાર વરસી ગયાં. પવનના સૂસવાટેં નીલકંઠવર્ણીના કેશ જટામાંથી વિખરાઇને ફરકવા લાગ્યાં. તેજસ્વી ભાલ અને ધ્યાનમગ્ન આંખો શોભતી હતી. મુખ ઉપર મંદહાસ્ય હતું, ગળામાં કંઠી, પાસે કમંડળ હતું, મૃગચર્મ ઉપર અવિરત ધ્યાન કરી રહેલ, નીલકંઠવર્ણીના શરીરમાંથી બ્રહ્મતેજ ઝગારા મારતું હતું. વાવની આસપાસ જાણે શીતળ તેજની આભા પથરાઇ ગઇ હતી !

એવામાં રામાનંદ સ્વામીના એક શિષ્ય, સ્વામી સુખાનંદ ત્યાં વાવ પર નહાવા આવ્યા. તેમની નજર નીલકંઠ પર પડી. તરત જ તેમની ઇન્દ્રિયો નીલકંઠવર્ણીના વિસ્મયી સ્વરૂપમાં તણાઇ ગઇ ! તેમણે નજીક જઇને નીલકંઠને પ્રણામ કર્યા. ધ્યાનમાંથી જગાડીને પૂછ્યું, ''હે બાળબ્રહ્મચારી ! આપ ક્યાંથી આવ્યા છો ? ક્યાં જવું છે ? આપના માતા પિતા કોણ છે ?''

નીલકંઠવર્ણીએ પ્રત્યુત્તર આપ્યો, ''બ્રહ્મપુરથી આવ્યા છીએ પાછું બ્રહ્મપુર જવું છે, ત્યાં જે લઇ જાય તે જ ખરાં મા-બાપ છે.''

સુખાનંદ સ્વામીતો આ ઉત્તર સાંભળી આભા જ બની ગયા. તેમને થયું, ''આતો વ્યાસજી જેવા વિદ્વાન બ્રહ્મચારી લાગે છે.'' પછી નીલકંઠે તેમને પ્રશ્ન પૂછયો, ''મુનિવર્ય ! જીવ, ઇશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું સ્વરૂપ સમજાવો.'' કઠણ પ્રશ્ન સાંભળી સુખાનંદ તો દંગ થઇ ગયા. તેમણે કહ્યું, ''હે પ્રભુ ! આ પ્રશ્નનો ઉત્તર મને નહિ આવડે. પરંતુ અહીં ગામમાં અમારા ગુરુ રામાનંદ સ્વામીનો આશ્રમ છે. આશ્રમમાં મુક્તાનંદ સ્વામી નામના એમના સમર્થ શિષ્ય રહે છે તેઓ અમારા મોટેરાં ગુરુભાઇ છે. આપ તેમની પાસે આવો તેઓ મળવા જેવા સંત છે. તમારા પ્રશ્નનો ઉત્તર તેઓ જરૂર આપશે. આપ નહીં આવો તે કહો તો એમને અહીં બોલાવી લાવું.''

નીલકંઠવર્ણીએ સ્વામીની નિષ્કપટ વાણી સાંભળી પોતાના ગુરુભાઇ પ્રત્યેનો આવો નિર્માની ભાવ નિહાળી શ્રી હરિ અત્યંત રાજી થઇ કહેવા લાગ્યા, ''સ્વામી ! આમ તો અમે ગામ કે શહેરમાં જવાનું ટાળીએ છીએ. પરંતુ આવા સમર્થ સંતનાં દર્શન કરવા માટે અમે જરૂર આપની સાથે રામાનંદ સ્વામીના આરમમાં આવીશું.'' સુખાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો. શ્રી હરિ તરત ઊભા થઇ સુખાનંદ સ્વામીની સાથે શ્રી રામાનંદ સ્વામીના આશ્રમ આવવા નિકળ્યા. ત્યાં શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામીનું મિલન થયું. સ્વામી સેવકનું એ અનોખું મિલન હતું !

આ રીતે સાત વર્ષ એક માસ અને અગિયાર દિવસ પર્યંત વનવિચરણ કર્યા પછી છેલ્લે લોજ ગામે રામાનંદ સ્વામીના આશ્રમમાં આવીને શ્રીહરિ રોકાયા. ઉત્તરે છપૈયા પુરે ઉદય પામેલ સહજાનંદી સૂરજ લોજ ગામની ભાગોળે ક્ષણિક થોભ્યો અને સુખાનંદ સ્વામી એ સૂરજને જાણે ગુજરાત સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર ખેંચી લાવ્યા ! સવંત ૧૮૫૬ના શ્રાવણવદી છઠ્ઠના એ દિવસે સુખ અને સહજ આનંદના પ્રણેતા એવા શ્રી સહજાનંદસ્વામી મહારાજ નીલકંઠવર્ણી સ્વરૂપે પધાર્યા અને આ ધરાને ધન્ય બનાવી દીધી ! સુખાનંદ સ્વામીએ સાચે જ પોતાનું નામ-નિમિત્ત બનીને સાર્થક કર્યુ !

# માળો સરજુડો !!

રસિકભાઇ રામજીભાઇ ગોળલિયા, સુરત



શ્રીજી મહારાજના ૧૦ થી ૧૨ નામો પૈકી ઘનશ્યામ, હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ, નિલકંઠ, પછી લોજમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ નીલકંઠવર્ણી પાસે થી જાણ્યું કે તે કૌશલદેશથી સરયુનદી પાર કરીને (સરયુર્દશન) કરીને આવ્યા આથી સરજુદાસ નામ પાડેલું પણ લોજ ગામની વૃધ્ધાએ ગામઠી ભાષામાં ભલીભોળી કાલી ભાષામાં સરજુડો કહેતી. શ્રીહરિ માંગરોળ, કાલવાણી વગેરે ગામોમાં સમાધિ પ્રકરણ ચલાવ્યા પછી ૧૮૫૯ની દિવાળી (અન્નકુટ) આવતો હોય ને લોજના પ્રેમીભક્તો પ્રથમના જૂના ભક્તોનો પ્રેમ અને આગ્રહ અને આમંત્રણને માન આપી ઉત્સવ કરવા લોજ આવવા વચન આપે છે. સ્વામી ભાયરામદાસજી અને બ્રહ્મચારી જયરામવર્ણીને લોજના ભક્તો સાથે મોકલી તૈયારી કરાવવા કહે છે.

પછી શ્રીહરિ ધનતેરસના દિવસે લોજ ગામના આંગણે લોજથી ગયા પછી પ્રથમ વખત પધારે છે. મોટેરા સંતો તથા ગામના સૌ ભક્તો નરનારી વગેરેને લઇને શ્રીહરિ ગામમાં પધારે છે તેનું ભવ્ય સ્વાગત સામૈયું કરી ગામમાં લાવે છે. શ્રીહરિનું અદ્‌ભુત સામૈયું થઇ રહ્યું છે. ધીમે ધીમે સવારી ગામમાં આવી રહી છે ત્યારે ગામની એક વૃધ્ધા ભોળી અને નિલકંઠમાં ભોળાભાવે પ્રેમ ધરાવતી હોય સાથે છાણ મેળવ્યું હોય આત્મીયતા હોય બોલી. અહો ! આતો ઓલ્યો આપણો સરજુડો. આપણી વચ્ચે થઇને આપણી આગળથી જંતર મંતર કરીને છાણ લઇ લેતો અને છાણા થાપતો ઇ સરજુડો. માળો સરજુડો મોટો ભગવાન થઇ ગયો છે તેમ સહુ કહે છે તે માળો સરજુડો અહીં દીવાળી-અન્નકુટના ઓસવ કરવા ભગવાન થઇને આવ્યો છે. ત્યારે સાથેની બીજી બાઇઓ વૃધ્ધાને ટપારતા કરે છે મુઇ ડોશી-બહુ બોલકાડોશી તમારી જીભ સંભાળીને રાખો. લવરી મોઢામાં રાખો ભગવાન એમ-તેમ થોડું થવાય છે ! અમો સર્વો બાઇઓએ જયારે તે બાળબ્રહ્મચારી વાવ ઉપર આવીને બેઠા હતા તે વખતે પ્રથમ નીરખતાં જ નક્કી કર્યુ કે જરૂર આ કોઇ ભગવાન છે. નહીંતર આવી નાની ઉંમરમાં મુખ ઉપર, શરીર ઉપર અજવાળું-પ્રકાશ ન હોય. આવી નાની ઉંમરમાં આવી રીતે વર્તાયજ નહી જરૂર નક્કી ભગવાન જ છે. બાળબ્રહ્મચારી જરૂર ભગવાન છે.

તે વખતે તરત જ ડોશીને આ વાતની ધડ ન પડી. તેથી હાથના નેજવા કરી શ્રીહરિને નિરખવા લાગી. અને બોલવા લાગી કે આ બાલુડા જોગીના માટે ગુરુ રામાનંદ સ્વામીએ આવળો કપાવીને આખું ગામ ઉજ્જડ કર્યુ હતું જે વાત મહારાજ (વૃધ્ધાની) અંતર્યામી પણે સાંભળાવતા હતા, તેથી વૃધ્ધા સામે જોઇ મરક મરક હસ્યા. મહારાજનું મંદમંદ હસવું અને વૃધ્ધા સામે જોવું દષ્ટિ કરવી તે કદાચ આવા ભાવિકોને નિશ્ચય કરાવવા હોય ! આથી પછી વૃધ્ધાને જરૂર નિશ્ચય થયો. આ સરજુદાસ જરૂર ભગવાન છે હું મુઇ સમજી ન શકી અને સરજુડો કહેવાઇ ગયું પણ ફરી એક વખત કહું કે માળો સરજુડો આજે પાછો આ ગામમાં ભગવાન થઇને આવ્યો છે. આમ તે વૃધ્ધાને શ્રીહરિએ નિશ્ચય કરાવ્યો. પછી અન્નકુટ-દિવાળીના ઉત્સવમાં સહુ લાગી ગયાં.

- મહેન્દ્ર બી. દવે, માંડવી

# સંધિક જવર (આમવાત જ જવર)

લેખ નં.૭૮

આ રોગ મંદ પાચનશક્તિ ને કારણે થતો હોય છે. જેમાં તાવ સાથે સાંધાઓમાં સોજો, દુઃખાવો થાય છે. આ સંધિક જવરને અંગ્રેજીમાં Rheumatic fever (ર્‍યુમેટિક ફીવર) કહે છે. આ જવરનું મુખ્ય કારણ શરીરમાં જે ૧૩ જાતની અગ્નિઓ છે. જેમાં ૭ ધાતુઓની ૫ મહાભૂતોની અને ૧ જઠરાગ્નિ જે બધામાં પ્રમુખ સ્થાને રહેલો છે. જે આપણા શરીરમાં ભોજનને પચાવી, ધાતુઓના પોષણ સાથે બાકીના ૧૨ અગ્નિઓને બળ પ્રદાન કરે છે.



જ્યારે જઠરાગ્નિ મંદ હોય છે ત્યારે આમાશય અને ગ્રહણીમાં ખાધેલો ખોરાક કાચો રહી જાય છે જેને આમ કહે છે. જેને આપણે આમદોષ અથવા આમવાત કહીએ છીએ આને કારણે કાચો અન્નરસ આંતરડામાં રહીને સડે છે. અને વિષદ્રવ્યો ઉત્પન્ન થવાથી રક્ત નિર્માણ થતું નથી અથવા ઘટી જાય છે. આવી રીતે વિષજન્ય અનેક વિકૃતિઓ શરીરમાં ઉત્પન્ન થાય છે. માટે સંધિક જવર વિષથી ઉત્પન્ન થતો એક વિકાર છે. આમ સારી રીતે તપાસ કર્યા પછી જ ચિકિત્સા આરંભ કરવી.

**સામાન્ય લક્ષણ :** શરીરમાં ભારેપણું, નબળાઇ, હલકો તથા ભારે દુઃખાવો, છાતીમાં ભારેપણું, મોટા સાંધાઓ જકડાયેલા લાગવા, આખા શરીરમાં તોડ, ભૂખ ન લાગવી, તાવની શરૂઆત, જેમ તાવની તીવ્રતા વધે તેમ સાંધામાં સોજો અને દુઃખાવો વધે. પ્રથમ ઘુંટણના સાંધામાં સોજો ચડે હાથના કાંડામાં દુઃખાવો થાય, ક્યારેક આખા શરીરના સાંધાઓ દુઃખાવો થઇ તાવ ચડવા લાગે. આ સંધિક જવરની મુદત સાત દિવસની હોય છે. માધવ નિદાનમાં જણાવ્યા પ્રમાણે આને આમવાત જ જવર કહે છે જેમાં વાત, કફ દોષની પ્રધાનતા જોવા મળે છે. જેને કારણે ક્યારેક ઠંડી લાગવાને કારણે સાંધાઓમાં દુઃખાવો વધી જાય છે. વધારે પરસેવો તેમજ લોહીની ઉણપ જણાય છે. બાળકોમાં ૨ થી ૧૬ વર્ષની વયમાં અને યુવાનોમાં ૧૬ થી ૩૦ વર્ષની વયમાં સંધિક જવર વધારે જોવા મળે છે. સ્ત્રીઓ કરતા પુરુષોમાં વધારે જોવા મળે છે. યોગ્ય ઉપચાર ન કરવાથી વારંવાર હુમલો થાય છે. લોહીની ઉણપથી દરદી વધારે નબળો દેખાય છે. મોઢામાંથી લાળ ટપકે છે. ઉંઘ પણ આવતી નથી આ જવરમાં ઉપદ્રવ સ્વરૂપે તરસ લાગવી, ઉલટી, ચક્કર, કબજિયાત, શરીર ધ્રુજવું, જણાવેલા તમામ પ્રકારના લક્ષણો વધારે ઓછા પ્રમાણમાં દરેક દરદીઓમાં જોવા મળે છે. આધુનિક ચિકિત્સા વિજ્ઞાન અનુસાર બાળ અવસ્થામાં આ હુમલો વારંવાર થાય છે, એકાએક થાય છે. બાળકને સૌથી પહેલાં ઠંડી અને ધ્રુજારી સાથે તાવ ૧૦૨ ડીગ્રી ફેરન હાઇટ સુધી પહોંચી જાય છે. ચોવીસ કલાક સુધી ચડઉતર થાય છે. બાળકને સાંધાઓમાં ખાસ દુઃખાવો થતો નથી.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## ચાતુર્માસ કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ

ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે ચાતુર્માસમાં ખાસ નિયમ લેવા કરેલી આજ્ઞામાં સદશાસ્ત્રોનું પઠન કરવાનો અંતર્ગત અભિપ્રાય આપ્યો છે તેમાં એક શાસ્ત્ર 'શ્રીમદ્ ભાગવત'નો સમાવેશ કરેલો છે. શ્રી હરિએ 'શ્રીમદ્ ભાગવત'ને સંપ્રદાયમાં ભક્તિશાસ્ત્ર તરીકે મૂલવ્યું છે.

હાલે પ્રવર્તમાન ચાતુર્માસની કથામાં મંદિરના સભાખંડમાં સવારના ભાગમાં દરરોજ શા.સ્વામી ભક્તિચરણદાસજી 'શ્રી શિક્ષાપત્રી ભાષ્ય' શાસ્ત્રની કથાનું અને બપોર પછીના સમયમાં શા.સ્વામી હરિપ્રસાદદાસજી 'શ્રીમદ્ ભાગવત' શાસ્ત્રની કથાનું શ્રવણ કરાવી રહ્યાં છે.

તા.૨૨-૭-૧૨, રવિવારે સાંજે ૪.૩૦ થી ૭.૩૦ના સમયમાં શ્રીમદ્ ભાગવતની કથા દરમ્યાન 'શ્રી કૃષ્ણ જન્મોત્સવ'નો પ્રસંગ રંગોલ્લાસમય ભકિતભાવથી દબદબાભેર ઉજવવામાં આવ્યો.

શ્રાવણમાસ, શ્રીમદ્ ભાગવતની કથા શ્રી કૃષ્ણના જન્મનો ઉત્સવ અને શ્રાવણ ત્રીજનું હિંડોળા પર્વ ! ભાવિક ભક્તોની મેદની એવી જામી કે મંદિરની ઉત્તરાદિ કોરનું વિશાળ પટાંગણ સભા માટે ટૂંકું પડયું.

શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સભાપતિનો દોર સંભાળી સભાના પ્રયોજનની વિગતો આપ્યા પછી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

દુષ્ટ, દુરાચારી, ઘાતકી કંસના મથુરા નગરના કારાવાસમાં પ્રાદુર્ભાવ પામેલા ભગવાન બાલકૃષ્ણને યજમાન હ.ભ.બેડીથી જકડાયેલી બધ્ધ અવસ્થામાં સૂંડલામાં મસ્તકે ધારણ કરી આવ્યા ત્યારે સભા ઘડીભર મૂક બની ગઇ. કનૈયાને ગોકુળ લઇ જતાં યમુના પાર કરતાં શેષ નાગે કનૈયાને માથે ફેણ પ્રસારી છત્ર ધર્યુ.

ત્યારપછીના કાર્યક્રમમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજના યુવાનોએ રજુ કરેલ પીરામીડ અને કાનુડાએ પીરામીડથી અધ્ધર લટકતી મટકી ફોડી ત્યારે સભાએ તાલીઓના ગડગડાટથી ભવ્યદર્શનને વધાવી લીધું.

કનૈયાને અને રાસને સનાતન સંબંધ છે, એનું મૂલ્યાંકન કરતો 'રંગભર રાસ'સંતો અને હરિભક્તો સાથે રહીને ખેલ્યા અને હરિભક્તોને આનંદની વૃષ્ટિમાં ભીંજવી દીધા.

બહેનોના વિભાગમાં સાં.યો.બહેનો તથા કર્મયોગી બહેનોએ રાસની રમઝટથી ભગવાનને રાજી કરી.

કાર્યક્રમની સમાપ્તિમાં સભાપતિ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વિશેષ જાહેરાત કરતાં જણાવ્યું કે કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી ઉત્સાહી છે અને બધાજ ઉત્સવો મહંત સ્વામી, વડીલ સંતો તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતની પ્રેરણા તથા સહકારથી આજના ઉત્સવની જેમ ઉત્સાહથી ઉજવવામાં આવશે.

- ઉત્સવના યજમાનો નીચે પ્રમાણે રહ્યાં.
- અ.નિ. મનજી લાલજી વરસાણી હ.લક્ષ્મણ મનજી વરસાણી સહપરિવાર, વેકરા હાલે ભુજ.
- અ.નિ. નાથાલાલ મનજી વરસાણી હ.હરજી નાથા વરસાણી આદિ સુપુત્રો સહપરિવાર, સામત્રા હાલે ભુજ.
- પ.ભ. રવજી કરસન ગોરસીયા સહપરિવાર, બળદિયા.
- પ.ભ. પરબત જાદવા વરસાણી સહપરિવાર, કોડકી હાલે ભુજ.
- પ.ભ. હસુભાઇ મોહનલાલ ઠક્કર, ભુજ.
- અ.નિ. હરિશંકર દેવજી અજાણી હ.વસંતભાઇ હરિશંકર ગોર સહપરિવાર, ભુજ.
- પ.ભ. ભવ્ય ડી. ભટ્ટ, ભુજ.

# સપ્તાહ કથા પારાયણ

તા.૧૩-૮-૧૨ શ્રાવણ વદ-૧૧ સોમવાર થી તા.૧૯-૮-૧૨ અધિક ભાદ્ર ૫દ શુકલ-૨, રવિવાર સુધી ભુજ બન્ને મંદિરમાં સ.ગુ.સ્વામી શતાનંદમુનિએ રચેલ સત્સંગીજીવન કથાનું આયોજન કરવામાં આવ્યું. કથા પ્રસંગે ૨૪ ગામનાં સાં.યો.બહેનોને નિમંત્રિત કરવામાં આવ્યાં.

કથાનું યજમાન ૫દ ગામ વાડાસરના હાલે નૈરોબી નિવાસી ધનજીભાઇ રામજી રાબડીઆએ લીધું હતું.

કથાના વક્તા પુ.સ્વામી નારાયણપ્રિયદાસજી, પુ.સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા પુ.સ્વામી હરિપ્રસાદદાસજીએ વ્યાસગાદીએ બિરાજી શ્રોતા હરિભકતોને મધુર રસભરી વાણીમાં સરળ સહજ શૈલીમાં કથા શ્રાવણ કરાવી આનંદ મગ્ન કર્યા.

કથા પ્રસંગમાં તા.૧૮-૮-૧૨ની સાંજે રાખવામાં આવેલ. રાસોત્સવનો કાર્યક્રમ ભવ્ય બની રહ્યો. રાસ રસીયા યુવાનોએ સંગીતના સથવારે રાસની ધૂમ મચાવી દર્શકોના હૈયામાં રસની સરવાણી વહાવી.

તા.૧૯-૮-૧૨ની સવારે ૫.પૂ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે પધારી દર્શન આપતાં મંદિરનો પરિસર હર્ષભીનો થઇ ગયો. સભામંડપમાં સંતો હરિભક્તોએ ઊભા થઇ તાલીઓના તાલે સન્માનિત કર્યા, મહારાજશ્રીએ કથાકાર વ્યાસનું પૂજન કર્યુ. ૫.પૂ.આચાર્ય મહારાજશ્રીએ કથા સમાપ્તિની પૂર્વ સંધ્યાએ તા.૧૮-૮-૧૨ના મહાઆરતીનો કાર્યક્રમ સાથે ઠાકોરજીની આરતી ઉતારી તે સમયે અદ્ભુત દિવ્ય દશ્યનાં દર્શન થયાં.

કથા સમાપ્તિ પ્રસંગે મંદિર, સંતો તથા હરિભક્તો સમસ્ત વતી સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ મહારાજશ્રીને હાર પહેરાવી સન્માનીત કર્યાં. અને પૂ.મહારાજશ્રીએ સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુકતદાસજી, સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ.સ્વામી સનાતનદાસજી, સ.ગુ.સ્વામી ધર્મપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી જગતપાવનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ વરિષ્ઠ સંતો તથા અગ્રણી હરિભક્તો મંદિરના કોઠારી રવજીભાઇ ભુડીયા, પૂર્વ કોઠારી પ્રેમજીભાઇ રાઘવાણી, ટ્રસ્ટીશ્રી મુરજીભાઇ શીયાણી, ટ્રસ્ટીશ્રી સામજીભાઇ છાંગા, ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રભાઇ દવે આદિ કાર્યકર્તાઓને ફૂલહાર પહેરાવી આદરમાન કર્યુ.

સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ વકતવ્ય આપતાં કથા આયોજનની ચર્ચા સાથે યજમાન પરિવારનો પરિચય આપી ઉદારતા અને ધર્મભાવનાને બિરદાવી. વાડાસર ગામના સત્સંગમાં સંપ, સંગઠનની પ્રશંસા કરતાં જણાવ્યું કે આવી ભાવના અને આયોજનો થી સત્સંગ વિશેષ મજબુત રહેશે.

ત્યારપછી આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ વક્તવ્યમાં જણાવ્યું કે મતિ પ્રમાણે વિચાર આવે છે, પણ વિચાર પ્રમાણે ક્રિયા કરવી અઘરૂં કામ છે.માળા કરવા વિચાર આવે પણ માળા લઇને પંદર મિનિટ બેસવું કાઠું પડે છે. અશુભ વિચાર ન આવે અને શુભ વિચાર આવે તે માટે ભગવાનનું સ્મરણ કરવું જોઇએ. ભગવાને નરનારાયણદેવ પધરાવી આપણને સુખ સગવડ કરી આપ્યાં છે. દૂર યાત્રાએ જઇએ, કષ્ટ વેઠવાં પડે, અગવડ ભોગવવી પડે, બે મિનિટ દર્શન કરીએ ત્યાંતો હટી જવું પડે. ભગવાનની મૂર્તિની છબી લઇ ખર્ચ ભોગથી પાછા આવીએ. અહીં ઘેર બેઠાં નરનારાયણદેવ આગળ જેટલીવાર-જેટલો સમય દર્શન માળા કરવાં હોય, તે કરી શકાય. વિશેષમાં જણાવ્યું કે સંત અને હરિભક્ત પ્રત્યે શુભભાવના રાખવી જોઇએ. બન્નેમાંથી એકનો પણ અવગુણ આવે તો ભગવાનનાં દર્શન થાય નહીં. કુટુંબમાં કલેશ કંકાસ ન થાય તે માટે પ્રાર્થના, ભોજન અને આરતી પરિવારના બધા સભ્યોએ સાથે રહીને કરવાં જોઇએ.

ત્યારપછી ૫.પૂ.આચાર્ય મહારાજશ્રીએ દરેક હરિભક્ત પરિવારને તથા સમસ્ત સત્સંગ પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આચાર્ય મહારાજશ્રી તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીને હસ્તે મંદિર તરફથી યજમાન પરિવારનું ફૂલહાર પહેરાવી તથા પહેરામણી ભેટથી સન્માન કરવામાં આવ્યું. યજમાનશ્રી તરફથી સંબંધીઓને પહેરામણી ભેટ

આપવામાં આવી તથા વાડાસરના મંદિર તરફથી યજમાન દાતાઓનું પહેરામણી ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

મંદિરના શાસ્ત્રી મહારાજ મહેશભાઇએ યજમાન પરિવાર દ્વારા કથા સમાપ્તિ પૂજન તથા આરતી કરાવી અને ભોજનરૂપી પ્રસાદ સાથે કાર્યક્રમ પૂરો થયો.

કથા સમાપ્તિ પ્રસંગનું સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજી કર્યું હતું.

## પંચાહ્ન કથા પારાયણ

ભુજ, શિવકૃપાનગર નિવાસી અ.નિ.જેશાભાઇ હરજીભાઇ વેકરીયા, ધ.પ.અ.નિ.પુરબાઇ જેશા વેકરીયા હ. દેવજી શિવજીના યજમાનપદે પાંચ દિવસની કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું. પાંચ સંહિતાપાઠ રાખવામાં આવેલ.

તા.૨૪-૭-૧૨ શ્રાવણની અજવાળી ૫, મંગળવારથી તા.૨૮-૭-૧૨ શ્રાવણ શુકલની ૧૦ શનિવાર સુધીના દિવસોમાં વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઇ. સવારના ભાગમાં શાસ્ત્રી સ્વામી ભકિતચરણદાસજીએ ''શિક્ષાપત્રીભાષ્ય''ની કથાનું શ્રવણ કરાવ્યું. બપોર પછીના સમયમાં શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજીએ ''શ્રીમદ્ ભાગવત''કથા શાસ્ત્રનું શ્રવણ કરાવ્યું. બન્ને વક્તા સ્વામીએ કથાનો મર્મશ્રોતાઓની સમજમાં યથાર્થપણે ઉતરે તે માટે સતર્કપણે પોતાના વકતવ્યને સ્પષ્ટ અને સરળ શૈલીમાં અસરકારક દષ્ટાંતો આપી રજુ કર્યુ.

સમાપ્તિ પ્રસંગે પુ.સ્વામી ધર્મચરણદાસજીએ કથાના યજમાન પરિવારનો પરિચય આપી કથા આયોજન તથા કથાવસ્તુની ચર્ચા કરી. સ.ગુ.પ.પૂ.મહંત સ્વામીને હસ્તે યજમાન પરિવારનું પહેરામણી ભેટ તથા ફુલહાર અને કંઠી પહેરાવી સન્માન કરવામાં આવ્યું.

સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજીએ કથાના વિષય સાથે ધર્મ અને ભક્તિનો સમન્વય કરી ઉદ્‌બોધન કર્યું. ત્યાર પછી મંદિરના શાસ્ત્રી મહારાજે યજમાન પરિવાર દ્વારા કથા સમાપ્તિનું પૂજન તેમન આરતીનો વિધિ કરાવતાં, પ્રસાદ વિતરણ ધૂન સાથે કાર્યક્રમ પૂરો થયો.

## પંચાહ્ન કથા પારાયણ

તા.૨૦-૮-૧૨ અ.ભાદરવા સુદ-૩ સોમવારથી તા.૨૪-૮-૧૨ અ.ભાદરવા સુદ-૭ શુક્રવાર સુધી પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું.

કથાનું યજમાનપદ ગામ સુખપરના અ.નિ.શિવજી હરજી ભગત તથા અ.નિ. મેઘબાઇ શિવજીના મોક્ષાર્થે હ.પરિવાર રહ્યા હતાં.

સ.ગુ.સ્વામી આધારાનંદ સ્વામીએ રચેલ 'શ્રી હરિ ચરિત્રામૃત સાગર' શાસ્ત્રની કથાનું શાસ્ત્રી સ્વામી હરિમુકુંદદાસજીએ વ્યાસગાદીએ બિરાજમાન થઇ હળવી શૈલીમાં સરળભાષામાં રસપાન કરાવ્યું. કથા પ્રસંગને અનુરૂપ રમુજી અને બોધદાયક દષ્ટાંતો તેમજ હરિભક્ત સુરાખાચર અને શ્રીજી મહારાજના રમુજી પ્રસંગો રજુ કરી શ્રોતાઓને રમુજભર્યા આનંદ સાથે રાજી રાખ્યાં.

કથા સમાપ્તિ પ્રસંગે શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજીએ કથા પ્રસંગ અને યજમાન પરિચય આપ્યો. પ.પૂ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીના હસ્તે યજમાનશ્રીઓનું ફુલહાર તથા પહેરામણી ભેટથી સન્માન કરવામાં આવ્યું તથા યજમાન પરિવાર તરફથી સંબંધીઓને પહેરામણી આપવામાં આવી . શાસ્ત્રી મહેશભાઇએ યજમાન પરિવાર દ્વારા સમાપ્તિ પૂજન અને આરતી કરી સંપન્ન કર્યા પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

## હિંડોળા ઉત્સવ

ભુજ રઘુવંશી નગરે (રાવલવાડી) સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા મહોત્સવ ધામ ધુમણી ઉજવાઇગયો.

આ મંદિરના માનદ્ સેવા આપતા પુજારી શ્રી રવજી સામજી સીયાણી તથા તેમના ધર્મપત્ની અમરબેનને પ્રોત્સાહન આપવા સ્થાનીક ભક્તો અથાગ મહેનત કરી હતી. આ મંદિરમાં અન્ય ઉત્સવો પણ ખૂબ જ ધામધૂમથી કરવામાં આવે છે. જેથી, ત્યાંના સત્સંગમાં પણ બહોળો વધારો થયો છે, અને સંતોના પણ ખૂબખૂબ આશીર્વાદ છે.

અહેવાલ : પ્રફુલ્લ પી. ઠક્કર, ભુજ.

# જન્માષ્ટમી – શ્રી કૃષ્ણ પ્રાગટય મહોત્સવ

જેમની ધર્મસહિત ભક્તિ કરવાથી ભક્ત નિર્ગુણ સ્થિતિને પ્રાપ્ત કરે છે, એવા કનૈયાના પ્રાગટય દિવસ જન્માષ્ટમીનો તહેવાર તા.૧૦-૮-૧૨ શ્રાવણ કૃષ્ણ પક્ષની અષ્ટમી, શુક્રવારે ભુજ મંદિરમાં ઉત્સાહ સાથે શાનદાર રીતે ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે સમસ્ત કચ્છ ઉપરાંત દેશમાંથી શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રાગટયનો ઉત્સવ ઉજવવા ભક્તિના કોડ ભર્યા હરિભક્તો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત થયા હતા.

ઉત્સવની એક વિશેષતા કહેવાય એવા કાર્યક્રમમાં શ્રીમદ્ ભાગવતના કથા પ્રસંગોને દશ્ય રૂપક (નાટક)માં ઉચિત આકર્ષક વેશભૂષા સાથે રજુ કર્યાં. કાર્યક્રમને યુવકોના પરિશ્રમ અને સંતોના માર્ગદર્શનથી સફળતા પ્રાપ્ત થઇ. સાથે પ્રેક્ષકોને તહેવારના જાગરણ સાથે ભક્તિમય મનોરંજન મળ્યું. ઉત્સવના યજમાનો નીચે મુજબ રહ્યાં.

- હર્ષિત લાલજી શીયાણી, માનકુવા હાલે મોમ્બાસા
- હંસરાજભાઇ કરસન ખુથીયા ધ.પ.સોનીબેન, સહપરિવાર, નવાવાસ ભચાઉ હાલે મુંબઇ.
- ચંદુબેન ચમનલાલ રાજગોર, ભુજ.
- ધનજીભાઇ હીરજી હિરાણી ધ.પ.કાન્તાબેન સહપરિવાર, મદનપુર.
- મેઘબાઇ વેલજી કલ્યાણ હાલાઇ, સુખપર
- વિશ્રામભાઇ શિવજી ગોરસીયા ધ.પ.હાસબાઇ, સુખપર
- શંકરભાઇ એલ.સચદે (એડવોકેટ, નોટરી-કચ્છ) ભુજ.
- અ.નિ.અમૃતબેન મોહનલાલ ઠક્કર તથા અ.નિ.છોટાલાલ કરમશી ઠક્કર, ભુજ.
- અ.નિ.લીલાવતીબેન જેઠાલાલ કુફલ, માંડવી હાલે ભુજ.
- ધનજીભાઇ મનજી સેંઘાણી, નારણપર ઉ.વાસ.

કાર્યક્રમની શરૂઆતમાં કથાના વક્તા શાસ્ત્રી સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ મંગલસ્તુતિ કર્યા પછી સભાપતિ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કાર્યક્રમની વિગત રજુ કરી. વકતા સ્વામીજીએ શ્રી કૃષ્ણ પરમાત્માના પ્રાગટયની કથાનું શ્રીમદ્ ભાગવતને અનુસાર શ્રવણ કરાવ્યું. કથાના પ્રસંગોમાં ભગવાન શ્રી કૃષ્ણનું પ્રાગટ્ય, ભગવાન પરશુરામે તેમના પિતા જમદગ્નિઋષિનો વધ કરવા બદલ કરેલી સજા વગેરે ઘટનાઓ રૂપક (નાટક) રૂપમાં રજુ કરી મંદિરના ખુલ્લા પરિસરમાં હાજર ૫૦ હજાર ઉપરાંત હરિભક્તોને સરસ મનોરંજન પીરસ્યું. આ ઉપરાંત મટકી ફોડ રાસ તેમજ આતશબાજીના કાર્યક્રમો રંગમય બન્યા.

સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ.સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ.સ્વામી ધર્મપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી સનાતનદાસજી આદિ વડીલ તથા નાના મોટા સંતો તેમજ મંદિરના ટ્રસ્ટીશ્રીઓ વગેરે હોદ્દેદારો સમાજના અગ્રણી હરિભકતો, અલગ વિભાગમાં સાં.યો.અને કર્મયોગી બહેનોની હાજરી ભરચક રહી હતી.

કાર્યક્રમની સમાપ્તિમાં સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીના હસ્તે યજમાનશ્રીઓનું પુષ્પમાળા તથા પહેરામણી ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

રાત્રે ૧૨ને ટકોરે મહાઆરતીના ઝળહળાટ સાથે શ્રી કૃષ્ણ ભગવાનના પ્રાગટયની આરતી સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતે સાથે રહી ઉતારી. ત્યારે દર્શનાર્થી હરિભક્તોએ નંદ ઘેર આનંદ ભયો જય બોલો કન્યાલાલકી નાદથી પરિસર ગજવી દીધું હતું. પારણીયામાં ઝૂલતા બાલકૃષ્ણનાં દર્શનથી સૌ તૃપ્ત થયા. પંચામૃત અને પંચાજીરીની પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો. ભવ્ય ઉત્સવના સ્મરણોનું ચિત્ર હરિભકતોના હૈયામાં કંડારાઇ ગયું.

## અભિનંદન....

ગુજરાતના મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત રાજયમાં આગામી ૧૧ સપ્ટેમ્બર-૨૦૧૨થી ગુટકાની પડીકી ઉપર પ્રતિબંધની જાહેરાત કરી છે. તે બદલ ભુજ શ્રી સ્વામીનારાયણ મંદિરના મહંત સ્વામીએ ખુબ ધન્યવાદ પાઠવે છે.

## અધિકમાસ સુદ-પનો પાટોત્સવ અભિષેક

વર્ષ દરમ્યાન તિથિ પ્રમાણે ઉજવવામાં આવતા ઉત્સવો ચાલુ અધિક ભાદ્રપદ માસમાં ક્રમવાર તિથિ અનુસાર ઉજવવામાં આવી રહ્યાં છે. વૈશાખ સુદ-૫ શ્રી નરનારાયણદેવના પાટોત્સવનો અભિષેક તથા શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવનો અભિષેક અધિક ભાદ્રપદ શુકલ-૫ બુધવારે ધામધૂમથી ઉજવવામાં આવ્યા, જેનાં દિવ્ય દર્શનનો લાભ હરિભક્તોએ લીધો.

સવારે મંગળા આરતી પછી શ્રી નરનારાયણદેવને તથા શ્રી ઘનશ્યામ મહારાજને પંચામૃત અભિષેક શાસ્ત્ર વિધિ અનુસાર વેદમંત્રોથી કરવામાં આવ્યો.

પાટોત્સવ અભિષેક તથા અન્નકુટના યજમાન નીચે મુજબ રહ્યા હતા.

૧. શ્રી નરનારાયણદેવના યજમાન - ગામ મેતપુરના હાલે મુંબઇ નિવાસી અ.નિ.રણછોડભાઇ મગનભાઇ પટેલ હ.સુપુત્ર જગદીશભાઇ આર. પટેલ સહપરિવાર રહ્યા હતા.

૨. શ્રી ઘનશ્યામ મહારાજના યજમાન - ગામ માનકુવાનાં સાં.યો.રામબાઇ લાલજી હિરાણી તથા સાં.યો.નાનબાઇ રામજી ભુડીયા રહ્યાં હતા.

મંદિરના સભામંડપમાં ચાલતી ''શ્રી હરિચરિત્રામૃતસાગર'' કથાના ત્રીજા દિવસે સવારની કથાના વિરામ પછી (અ.ભાદરવા સુદ-૫) યજમાન હ.શ્રી જગદીશભાઇ રણછોડભાઇ પટેલનું સહપરિવાર પૂ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીને હસ્તે ફૂલહાર તથા પહેરામણી ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યુ. યજમાન સાં.યો.બહેનોનું સન્માન બહેનોના મંદિરમાં સાં.યો.મહંત સામબાઇ ફઇના હસ્તે કરવામાં આવ્યું. સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજીએ પ્રેરક ઉદ્‌બોધન કર્યુ.

ત્યાર પછી પૂ.મહંત સ્વામી તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતોની સાથે રહી યજમાન પરિવારના ભાઇઓએ અન્નકુટની આરતી ઉતારી હતી. અને ભોજનરૂપી પ્રસાદ સાથે કાર્યક્રમ પૂરો થયો હતો. સભાનું સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ સંભાળ્યું હતું.

## ચમક ઝમક

• સ.ગુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની પ્રેરણાથી પુત્રદા એકાદશી રવિવારે મંદિરનાં તમામ શિખરો ઉપર ધજા ચડાવવામાં આવી. યજમાન શ્રી ગામ મિરઝાપરના પ્રેમજી કાનજી ભુડીયા પરિવાર તથા ધનજીભાઇ લક્ષ્મણ અને ગામ સામત્રાના સાં.યો.કુંવરબાઇ વીરજી વરસાણી વતી સંબીધીએ ધજા ફરકાવતાં પહેલાં ૬.૩૦ વાગતાં વડીલ સંતો સાથે ધજાઓનું પૂજન કર્યુ.

• અષાઢ વદ-૨ ગુરુવારથી પ્રારંભ કરવામાં આવેલ ચાતુર્માસની કથાની શ્રાવણ વદ-૮, જન્માષ્ટમી શુક્રવારના રોજ પૂર્ણાહુતિ કરવામાં આવી. પૂર્ણાહુતિ પ્રસંગે ટ્રસ્ટીશ્રી મુરજીભાઇ શીયાણીએ કથાના વક્તા શાસ્ત્રીઓનું પૂજન કર્યુ.

• અષાઢ વદ-૨ ગુરુવારથી શરૂ થયેલ ૧ માસના હિંડોળા મહોત્સવની શ્રાવણ વદ-૧ શુક્રવારે સમાપ્તિ કરવામાં આવી. સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતે ઠાકોરજીની આરતી ઉતારી. તે પછી ઠાકોરજીને હિંડોળેથી ઉતારી સિંહાસને બિરાજમાન કરવામાં આવ્યા. હરિભક્તોએ એક માસ દરમ્યાન, વિવિધ ડીઝાઇન, સુકોમેવો, સ્ટીલનાં વાસણ, અનાજ, દીવાસળીઓ, સિક્કા, ફળ, શાસ્ત્રગ્રંથો અનેક વિધ પદાર્થોના ભવ્ય હિંડોળાઓનાં દર્શન કરવાનો આનંદ પ્રાપ્ત કર્યો.

• અધિક પુરુષોત્તમ માસની શરૂઆત અ.ભાદરવા સુદ-૧ શનિવારથી થઇ. પુરુષોત્તમ માસ તપ, તીર્થ, ભક્તિ, કથા, દાન માટે ઉત્તમ સમય તરીકે ખ્યાત છે. મંદિરમાં વર્ષભરમાં આવતા તમામ તહેવારો અધિક માસમાં તિથિ પ્રમાણે ક્રમાનુસાર ઉજવવામાં આવે છે. તે મુજબ મંદિરમાં શ્રી નરનારાયણદેવ જયંતી, કેસરના શણગાર (વાઘા), ઠાકોરજીને અભિષેક આદિક તહેવારો, ઉત્સવો પાટોત્સવ અભિષેક, અન્નકુટ વગેરે ઉજવવામાં આવી રહ્યાં છે. ભક્તો દર્શનનો આનંદ માણી રહ્યાં છે.

અહેવાલ : ઓ.વ્યાસ

# સત્સંગ સમાચાર

## ગોધરા – હિંડોળા ઉત્સવ

ગોધરા ગામને આંગણે દરરોજ નવીનને નવીન હિંડોળા ઉત્સવ ઉજવાઇ રહ્યા છે. ગામના સર્વે હરિભક્તો તથા ટ્રસ્ટીઓના સાથ સહકાર તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના તમામ યુવાનોએ આ હિંડોળામાં બહુ જ ભાગ લીધેલ છે.

રાત્રીના બાર બાર વાગ્યા સુધી જાગીને હિંડોળા બનાવી રહ્યા છે. દરરોજ નવીન ને નવીન હિંડોળા બાંધવામાં આવે છે. ભગવાન ઘનશ્યામ મહારાજને હિંડોળામાં ઝૂલાવવામાં આવે છે. દરરોજના અલગ-અલગ યજમાન હિંડોળામાં ભાગ લઇ રહ્યા છે.

અહેવાલ : શાન્તીલાલ પ્રેમજી વરસાણી

## હિરાપર હિંડોળા મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસિમ કૃપાથી શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં હિંડોળા મહોત્સવ ખૂબ ઉત્સાહ હર્ષોલ્લાસ ભક્તિ ભાવના વાતાવરણ ઉજવણી થઇ.

સાં.યો.રતનબહેનના માર્ગદર્શન હેઠળ-કર્મયોગી બહેનો તથા બાલીકા મંડળના બહેનોના કલા-કારીગરીથી ભરપુર મનોહારી-પાવનકારી એક-એકથી ચડિયાતા નવીન્યસભર હિંડોળા બનાવી - તેમાં પ્રગટ પુરૂષોત્તમ શ્રી હરિને ઝુલાવાયા હતાં. દિવ્ય દર્શનનો લાભ લેતા હરિ ભક્તો પ્રસન્નતા પૂર્વક અહોભાગ્ય અનુભવી પ્રસંગ માંણ્યો હતો. નિત્ય હિંડોળાના યજમાનપદે રહતા હરિ ભક્તોને બિરદાવ્યા હતા. સર્વએ સેવાનો લાભ લઇ શ્રીજી પ્રત્યેની પોતાની શ્રધ્ધા વ્યક્ત કરી હતી.

અહેવાલ : કાનજીભાઇ સુથાર (હિરાપર)

## મેઘપર મધ્યે હિંડોળા ઉત્સવ



મેઘપર મધ્યે સુશોભિત અને ભવ્ય કલાત્મક હિંડોળા બનાવવામાં આવેલ. અષાઢ વદ અગિયારસથી હિંડોળાનો પ્રારંભ કરવામાં આવેલ. અને શ્રી ઘનશ્યામ મહારાજને હિંડોળામાં ઝુલાવવામાં આવેલ. ફ્રુટ, સુકામેવા, પીપરમેન્ટ, સરીનો, મહેંદી, સંતારા, આભલા વગેરે પ્રકારના કલાત્મક હિંડોળામાં શ્રીહરિને ઝુલાવવામાં આવેલ. હિંડોળાની સેવામાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો અને કચ્છ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળની યુવતીઓ દ્વારા હિંડોળા બનાવવામાં આવેલ. અને આ સાથે મંદિરની કાર્યવાહક કમિટી તથા ગામના નાના -મોટા સર્વે હરિભકતો સાથ સહકાર આપેલ. તેમના યજમાનપદે દરરોજના અલગ-અલગ હરિભક્તો હતા. અને હિંડોળા ઉત્સવ દરમ્યાન ગામના યુવાનો અને યુવતીઓ દ્વારા હિંડોળાના દર્શન કરવા માટે તા.૨૨-૭-૨૦૧૨, રવિવારના દિવસે રામપર ગંગાજી, માંડવી, અંજાર, ભુજ નૂતન મંદિર, ભુજ પ્રસાદી મંદિર, સ્મૃતિ મંદિરે દર્શન કરવા ગયેલ હતા અને ત્યારબાદ ગામમાં પણ હિંડોળાના યજમાનો સંતોની સાથે રહીને યુવાનો દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારેલ અને યુવતીઓ બહેનોના મંદિરમાં સાં.યો. બહેનો સાથે રહી શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારેલ.

અહેવાલ : ધર્મેન્દ્ર આર. કેરાઇ - મેઘપર

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર – ભુજ



તાલુકા કક્ષાએ યોજાયેલ રમત-ગમત સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓની ઝળહળતી સફળતા

યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ તેમજ રમત-ગમત કચેરી દ્વારા આયોજિત તાલુકા કક્ષાએ વોલીબોલ, યોગાસન, ખો-ખો તેમજ એથ્લેટીક્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓએ વોલીબોલ, અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ વિભાગમાં તેમજ યોગાસનમાં અન્ડર - ૧૪માં પ્રથમ અને તૃતીત ક્રમાંક, અન્ડર - ૧૭માં પ્રથમ, દ્વિતીય, અને ચતુર્થ તેમજ અન્ડર - ૧૯માં પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ ક્રમાંક મેળવ્યો હતો.

ખો-ખો સ્પર્ધામાં અન્ડર-૧૭ની ટીમ તાલુકા કક્ષાએ વિજેતા થઇ છે. એથ્લેટીક્સમાં અન્ડર-૧૪, અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ની અલગ-અલગ કુલ ૨૪ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. આ દરેક સ્પર્ધામાં આપણી સંસ્થાની વિદ્યાર્થિનીઓ વિજેતા જાહેર થઇ. કચ્છ જીલ્લામાં સિધ્ધિનો ડંકો વગાડયો હતો.

તેમની આ સિધ્ધિને શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના ટ્રસ્ટી મંડળ તેમજ સમસ્ત સ્ટાફગણે બિરદાવી હતી, અને હવે સારા દેખાવ બદલ તેમને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી અને વિજેતા થયેલ આ બંન્ને ટીમો જીલ્લા કક્ષાએ રમવા માટે પ્રસ્થાન કરશે.

## માંડવી મંદિરમાં ઉજવાયા વિવિધ ઉત્સવો

**હિંડોળા :** શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં બિરાજમાન શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજ તથા શ્રી ઘનશ્યામમહારાજના સાંનિઘ્યમાં તથા પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા આશીર્વાદથી તા.૫-૭-૨૦૧૨ ગુરુવારથી આરંભાયેલા હિંડોળા મહોત્સવમાં વિવિધ કલાત્મક હિંડોળા બનાવી શ્રી હરિકૃષ્ણમહારાજને ઝુલાવ્યા હતા. જે હિંડોળા બનાવવામાં સંતોના માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામના વિદ્યાર્થીઓ તથા માંડવી યુવક મંડળના યુવાનોએ સેવા આપી હતી. તથા હિંડોળા ઝુલાવવામાં પણ સંસ્કારધામના વિદ્યાર્થીઓએ સેવાનો લાભ લીધો હતો. હિંડોળા મહોત્સવની સમાપ્તિ તા.૩-૮-૨૦૧૨ શુક્રવારના રોજ કરવામાં આવી હતી. પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો તથા યજમાન પરિવારે ઠાકોરજીની આરતી કરી હિંડોળેથી ઉતારવામાં આવ્યા હતાં.

**ખાતમુહૂર્ત :** આપણા આ કચ્છના સત્સંગમાં સંતો અને સાંખ્યયોગી બહેનોની સંખ્યા સતત વધતી જ રહી છે. તેમાં માંડવીમાં સાંખ્યયોગી બહેનોની સંખ્યા સતત વધતી રહી છે. રહેવામાં સાંકડ થવાથી બહેનોના મંદિરના પાછળના ભાગમાં નૂતન ઉતારાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી તથા સ.ગુ.સ્વામી કેશવજીવનદાસજી તથા માંડવી મંદિરના મહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી આદિ સંતોના વરદ્ હસ્તે શ્રાવણ વદ-૭ના રોજ શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. યજમાનપદે સાંખ્યયોગી બહેનો રહ્યા હતા. આયોજન કોઠારી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી (કે.પી.સ્વામી)ના માર્ગદર્શન હેઠણ કરવામાં આવ્યું છે.

**જન્માષ્ટમી :** શ્રી કૃષ્ણજન્મ જયંતિના દિવસે પરંપરાનુસાર માંડવી મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. સવારના ૭.૦૦ વાગ્યાના સમયમાં માંડવી શહેરમાં સ્વામિનારાયણ અને શ્રીકૃષ્ણના નામ ધૂનની પ્રભાત ફેરી કાઢવામાં આવી હતી. જેમાં સંતોની સાથે મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. રાત્રે ૧૦.૦૦ વાગ્યે વિશાળ ચોકમાં રાસોત્સવનું આયોજન રાખવામાં આવ્યું હતું. શ્રી ઘનશ્યામ મહારાજ પાસે જેલ બનાવવામાં આવી હતી અને શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજની આગળ નંદબાબાની ઝૂંપડી બનાવી પારણિયું મુકવામાં આવ્યું હતું. રાસ બાદ રાત્રે ૧૨.૦૦ વાગ્યે પૂજ્ય વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ પારણિયાની આરતી ઉતારી હતી. ત્યારબાદ પટાંગણમાં ઊંચે બાંધેલી મટકીને યુવાનોએ પીરામીડના દાવ કરી ફોડી હતી. હજારોની સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. અંતે પંચામૃત અને પંચાઝરીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનનો કાર્યભાર શા.સંતસ્વરૂપદાસજી તથા પૂર્ણપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠણ વિદ્યાર્થી સંતો અને ગુવાનોએ ઉપાડી લીધો હતો.

**ચાતુર્માસની કથા :** આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર ભુજ, અંજાર અને માંડવીમાં ચાતુર્માસમાં શિક્ષાપત્રી અને શ્રીમદ્ ભાગવતની બે મહિના સુધી પારાયણ કરવામાં આવે છે. તદ્ અનુસાર માંડવીમાં ચાતુર્માસના પ્રારંભમાં કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેની સમાપ્તિ જન્માષ્ટમીના સવારે કરવામાં આવી હતી. પારાયણના મુખ્ય યજમાન કરસન લાલજી વેકરીયા સુપુત્ર અરવિંદ તથા વિશ્રામ સહ પરિવાર, પીયાવા રહ્યા હતાં. વક્તા પુરાણી સ્વામી વેદાંતસ્વરુપદાસજી શિક્ષાપત્રીની પરાયણ કરી હતી અને પુરાણી સ્વામી નિર્ભયચરણદાસજીએ શ્રીમદ્ ભાગવતની પારાયણ કરી હતી બન્ને વક્તાશ્રીએ પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

અહેવાલ : સ્વામી વ્યાસમુનિદાસજી

## નારણપર (પસાયતી)માં ૧૨ હિંડોળા દર્શન

નારાણપર (પસાયતી)ના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી અને મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આર્શીવાદથી ૧૨ હિંડોળાના વિધિવત્ મંડળના સંતો સ્વામી સ્વંય પ્રકાશદાસજી, સ્વામી હરિમુકુંદદાસજી, સ્વામી ઇશ્વરસ્વરૂપદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી તથા દાતાશ્રીઓના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરી સર્વે સત્સંગીઓને દર્શન માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

દરરોજ નવા નવા કલાકૃતિથી સુશોભિત હિંડોળા બનાવવામાં આવતા તેમાં સાં.યો.બહેનો, મહિલા મંડળ યુવક મંડળના યુવાનો અને ગ્રામજનોનો સાથ સહકાર રહ્યો હતો.

હિંડોળા સમાપ્તિને દિવસે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા ભવ્ય ઠાકરથાળીનું આયોજન કરવામાં આવેલ તેમાં ભવ્ય રાસ રમ્યા હતા અને પ્રસાદ વિતરણ કરી હિંડોળા મહોત્સવને પૂર્ણ કર્યો હતો.

સમસ્ત આયોજનમાં મંદિરની કમિટી ને ગ્રામજનોનો સાથ સહકાર મળ્યો હતો.

અહેવાલ : આશકી પટેલ

## માધાપર મધ્યે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ

ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આશીર્વાદ થી ગામ માધાપર નવાવાસ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (બન્ને મંદિરમાં) પંચાહ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન તા.૧૮-૮-૨૦૧૨ને શનિવાર થી તા.૨૨-૮-૨૦૧૨ બુધવાર સુધી રાખવામાં આવેલ હતું. જેના યજમાનપદે અ.નિ.સામજીભાઇ વેલજી હિરાણી ધ.પ.અ.નિ.પ્રેમબાઇ તથા સુપુત્ર અ.નિ.જાદવજીભાઇ સામજી હિરાણી ધ.પ.અ.નિ.હીરબાઇની પુણ્યસ્મૃતિમાં એમના સહપરિવારે લાભ લીધો હતો.

આ કથા પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી સત્યપ્રકાશદાસજી તથા સ.ગુ.પુરાણી સ્વામી

કેશવજીવનદાસજીએ શ્રીમત્ સત્સંગીજીવન બીજા પ્રકરણની શ્રી હરિના દિવ્ય મંગલ લીલા ઉપદેશામૃત ચરિત્રોની કથાનું પાન કરાવી શ્રોતાજનોને રાજી કર્યા હતા, આ કથા પ્રસંગે મંડળના બીજા સંત-પાર્ષદના સાથ-સહકાર સાથે ભક્તોને રાજી કર્યા હતા.

કથાના બીજા દિવસે યજમાન પરિવાર તરફથી બન્ને મંદિરમાં સુંદર રાસોત્સવનું આયોજન સંતોના સાંનિધ્યમાં કરવામાં આવેલ.

કથાના ત્રીજા દિવસે યજમાન પરિવારના જમાઇના ઘરે સંતોની પધરામણી કરવામાં આવેલ. કથાના ચોથા દિવસે યજમાન પરિવાર તરફથી જમણવાર હોવાથી સંતો પટેલ વાડીમાં ઠાકોરજીને થાળ જમાડવા માટે પધાર્યા હતાં.

કથાના પાંચમાં દિવસે બહેનોના મંદિરમાંથી છાબનું સામૈયું ભાઇઓના મંદિરમાં ધામધૂમથી લઇ આવ્યા બાદ યજમાન પરિવાર તથા ગામના હરિભક્તોને સંતોએ રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા. ત્યારબાદ ઉત્થાપન વિધિ, પોથી પૂજન, વક્તાનું પૂજન કરી સમાપ્તિની આરતી ઉતારી સંતોનું પૂજન કરી ધૂન્ય કીર્તન સાથે પંચાહ પારાયણની સમાપ્તિ કરવામાં આવેલ.

અહેવાલ : મંત્રીશ્રી, અરજણભાઇ ભુડીયા

## વિલે પાર્લા વિશ્રાંતિ ભુવનમાં ભવ્ય હિંડોળા મહોત્સવ

ભુજ મંદિર અન્ડર મુંબઇ વિલે પાર્લા વિશ્રાંતિ ભુવન મંદિરમાં હિંડોળાનો મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો. આ મહોત્સવમાં મુંબઇનાં અધ્યક્ષ પુ.મહાપુરુષદાસજી સ્વામીની પ્રેરણાથી પ.ભ.કરશન સામજી સેંઘાણી-નારણપર હાલે નૈરોબીના ભક્તો સહજાનંદ સ્વામી મહારાજના આગળના હિંડોળાના મુખ્ય યજમાન બન્યા હતા. અને ભચાઉ મંદિરના ટ્રસ્ટીગણ વીરજીભાઇ, લાલજીભાઇ, ઘનશ્યામભાઇ, ભગવાનજીભાઇ, બાબુલાલ, શાન્તિલાલ, ભરતભાઇ અને ઘનશ્યામભાઇ નીશર આદિ ભક્તો નરનારાયણદેવની આગળના હિંડોળાના મુખ્ય યજમાન તેમજ માતૃશ્રી સોનીબેન હંસરાજ ખુથીયા પરિવાર હસ્તે રમેશભાઇ (નવાગામ) રાધાકૃષ્ણદેવની આવતા હિંડોળાના યજમાન બનીને ઠાકોરજીને પ્રસન્ન કર્યા હતા. તેમજ મહોત્સવ અંતર્ગત મંદિરને થર્મોકોલથી સજાવાયું હતું જેમાં રતિલાલ સવજી વાવીયા, બાબુ માદેવા ચોધરી અને નારણ મુરજી વાવીયા - રાપરના ભકતો યજમાનપદ સ્વીકાર્યુ હતું.

આ સાથે બીજા પણ કેટલાંક ભક્તો ઠાકોરજીને પ્રસન્ન કરવા સહયજમાન બન્યા હતા. તેમાં ગોકળભાઇ હોથી કારોત્રા-રાપર, હિરજીભાઇ વેલજી વાગજીયાણી-નૈરોબી, હરજીભાઇ ગાંગજી સોની-માંડવી, લાલજીભાઇ વિશ્રામ વેકરીયા-નારણપર, લાલજીભાઇ ભગાભાઇ-દુધઇ, ખીરાભાઇ જેઠાભાઇ ખુથીયા હસ્તે. લાલજીભાઇ-નવાગામ, એસ્થેટિક બિલ્ડર્સ એન્ડ ડેવલોપર્સ-મુંબઇ, પોપટભાઇ પૂંજાભાઇ નીસર હસ્તે. તલકસીભાઇ-નવાગામ, આદિ ભક્તો આ મહોત્સવ અંતર્ગત દર રવિવારે ભોજન પ્રસાદનું આયોજન પણ રાખેલ હતું. અને મહોત્સવના અંતિમ દિવસે સ્વામી સંતજીવનદાસજી અને સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી આદિ અનેક ભક્તોએ રકતદાન પણ કર્યુ હતું. જેથી પાર્લાના કલેકટર શ્રી અને કચ્છ યુવક સંઘના કન્વીનરશ્રીઓ બહુ પ્રસન્ન થઇ નવાજયા હતા. રાત્રે ૫-૮-૧૨ના અંતિમ દિવસે વિદેશી ફુલોથી હિંડોળા બનાવીને બહોળી પ્રમાણમાં ઉપસ્થિત રહેલા ભક્તો ઠાકોરજીને ખુબ આનંદથી ઝુલાવ્યા હતા. ત્યારબાદ આ મહોત્સવમાં ઘણા ભક્તો તથા બહેનો ખૂબ સેવા કરી ઠાકોરજીને પ્રસન્ન કર્યા હતા. તેથી મંદિરના અધ્યક્ષ સ્વામી પુ.મહાપુરુષદાસજી આદિ સંતો સન્માન કરી આર્શીવાદ આપ્યા હતા. છેલ્લે સર્વે ભક્તો ઠાકોરજીની મહાઆરતી કરી, પ્રસાદ લઇ હર્ષભેર વિદાય થયા હતા.

ત્યારબાદ જન્માષ્ટમીનાં દિવસે પણ બહોળી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી નંદોત્સવ, રાસોત્સવ, મટુકીફોળ આદિ અનેક કાર્યક્રમો કરી કૃષ્ણજન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવ્યો હતો. જેનું યજમાન પદ શ્રી ઘનશ્યામભાઇ પૂજાભાઇ નીશરે સ્વીકાર્યુ હતું.

અહેવાલ : સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી

## શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ માંડવી ખાતે થયેલ સ્વાતંત્ર્ય દિનની ઉમંગભેર ઉજવણી.

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયનાં પટાંગણમાં ૬૬માં સ્વાતંત્ર્યદિને ધ્વજ વંદન સહિત કાર્યક્રમો યોજાયા હતા. સ્વામિનારાયણ સંસ્કારધામનાં પ્રમુખશ્રી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીનાં અધ્યક્ષપદે માંડવી મંદિરના મહંત પુરાણી સ્વામી ભગવદ્જીવનદાસજી, સ્વામી સરજૂદાસજી, સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી તેમજ ટ્રસ્ટીશ્રીઓની હાજરીમાં આન-બાન અને શાન સાથે ત્રિરંગો લહેરાવ્યો હતો.

પ્રારંભમાં શાળાના આચાર્યશ્રી મદનસિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં આઝાદીનાં ૬૫ વર્ષમાં ''રાષ્ટ્રની ઉન્નતિ અને તેનાં વિકાસમાં નવયુવાનોએ આપેલ ફાળો''એ વિષયક આછેરો ખ્યાલ રજૂ કર્યો હતો. પૂ.વેદાંતસ્વરૂપદાસજી સ્વામીએ વર્તમાન ભારતની પરિસ્થિતિમાં આપણે કેટલું યોગદાન આપવાનું છે તે વિશેની વાત કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક ઝલક રજૂ કરવામાં આવેલ. પી.ટી. ટીચરશ્રી યજરાજસિંહ ઝાલાએ સમૂહ કવાયત સાથે રમત-ગમત સ્પર્ધાની સુચારું વ્યવસ્થા સંભાળી હતી. પ્રા.વિભાગનાં આચાર્યશ્રી દિલીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ બાળકોએ વિવિધ રમતોનાં કૌશલ્યો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગદિશ મહેતાએ કર્યુ હતું જ્યારે આભારવિધિ શાળાના મ.શિ.શ્રી ભટ્ટ હરેશકુમારે કરી હતી.

– આચાર્ય શ્રી, પ્રા.અને ઉ.મા.વિભાગ, માંડવી-કચ્છ.

## શ્રી સ્વામિનારાયણ મંદિર – અંજાર

ચાતુર્માસમાં વંચાતી ભાગવત કથામાં કૃષ્ણજન્મોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો.

તા.૨૯-૭-૧૨ રવિવારના રોજ મંદિરમાં વંચાતી શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન સ્વામી દેવવિહારીદાસજીએ કરાવ્યું હતું તેમાં હજારો હરિભક્તોએ કથા શ્રવણ કરી. કથામાં શ્રીકૃષ્ણજન્મોત્સવ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવ્યો. બાલકૃષ્ણ ભગવાનની ઝાંખીના દર્શન સાથે વાસુદેવ પણ મસ્તક ઉપર ટોપલા લઇ તેમાં ભગવાન શ્રી બાલકૃષ્ણ લાલાને પધરાવ્યા. તેની આબેહૂબ ઝાંખીના દર્શન કરીને ભક્તો કૃતાર્થ થયા હતા. સાથે સાથે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો પણ ગોપ-ગોવાળના વેષમાં હર્ષોલ્લાસના નાદ સાથે 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી' ના જય ઘોષ કરતાં - કરતાં મંદિરના ચોકમાં રાસ રમેલ તથા મટકી ફોડનો કાર્યક્રમ સંપન્ન કરેલ. હજારો હરિભક્તો ભાઇ-બહેનોએ લાભ લીધેલ. કૃષ્ણજન્મોત્સવના યજમાન શ્રી પ્રેમજીભાઇ કાનજી હિરાણી નાની નાગલપરવાળ રહ્યા હતાં. અને અંજાર તથા નાની નાગલપરના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોનો ઉત્સવ દરમ્યાન સાથ સહકાર ખૂબજ સુંદર રહ્યો હતો.

<u>હિંડોળાની પૂર્ણાહુતી</u> - મહાઆરતી : હિંડોળા દર્શન એક માસ ચાલેલ તેમાં નીત-નવા કલાત્મક હિંડોળા બનાવીને ભગવાનને ઝુલાવ્યા. અને લાખો હરિભક્તો દર્શન કરીને કૃતાર્થ થયા. જીવન ધન્ય બનાવી લીધું. તા.૩૧-૮-૧૨ - શુક્રવારના રોજ હિંડોળાના દર્શનની પૂર્ણાહુતી થયેલ. ત્યારે મહાઆરતી યોજવામાં આવી હતી. જેમાં હજારો હરિભક્તોએ લાભ લીધો. સંગીતના સૂર, ઓરકેસ્ટ્રા સંગાથે મહાઆરતી કરવામાં આવી. તેના યજમાનપદ શ્રી સુરેશભાઇ નરસિંહભાઇ ઠક્કર સુપુત્ર કૈલાસકુમારે સ્વીકારેલ હતું.

આ અવસરે હિંડોળામાં સેવા કરનારા હિંડોળા બનાવનાર હિમાલય બનાવનારા, તથા બહેનોના મંદિરમાં હિંડોળા ઝુલાવતાં હરિભક્તોની સેવા બિરદાવીને સન્માન કરેલ. નાની નાગલપર વિસ્તાર, બેન્સા વિસ્તાર અને શહેરી વિસ્તારના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો - તથા વડીલોના સાથ-સહકાર દ્વારા હિંડોળા મહોત્સવ સંપન્ન થયેલ. અને અંતમાં મંદિરના મહંત સ્વામી શ્રી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપીને હરિભક્તોને રાજી કર્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી શ્રી અક્ષરપ્રિયદાસજીએ કર્યુ હતું.

**જન્માષ્ટમી ઉત્સવ :** કૃષ્ણ કનૈયાલાલના જન્મની કથા, મહાઆરતી તથા મટકીફોડ, રાસોત્સવ સહિત આનંદથી

કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો. તા. ૧૦-૮-૧૨, શુક્રવાર.

શ્રાવણ વદ-૮ એટલે ભગવાન શ્રી કૃષ્ણનો પાદુર્ભાવ-મધ્યે રાત્રી ૧૨.૦૦ વાગ્યે ધામધૂમથી ઉજવાયો હતો.

રાત્રિના સમયે ૧૦.૩૦ વાગ્યે ભગવાન શ્રી કૃષ્ણના જન્મની કથા-ભાવવાહી શૈલીમાં સ્વામી શ્રીપ્રકાશદાસજીએ વર્ણવી હતી. હજારો હરિભક્તોથી સભા મંડણ તથા મંદિરના ચોકમાં બહેનો-બેસીને કથા શ્રવણ કરેલ. ત્યારબાદ ૧૧.૩૦ વાગ્યે વાજીત્રો સહિત ભગવાન પાસે સામૈયો ઉજવાયો. સાથે ધૂનમાં હરિભક્તોએ લાભ લીધો. બરાબર ૧૨.૦૦ વાગ્યે ભગવાનની આરતી કરીને ભગવાન શ્રી કૃષ્ણને પારણામાં ઝુલાવ્યાં સાથે મહાઆરતીના યજમાન શ્રી અ.નિ.પ્રેમજીભાઇ હીરજી મજેઠીયા- હ.વિજયભાઇ વિજય ઓટો દ્વારા મહાઆરતી યોજાઇ હતી. અને 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી' ના નાદ સાથે સંતો અને હરિભક્તોએ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો સાથે અબીલ ગુલાલની છોળો ઉડાળીને વાતાવરણ ભક્તિમય બનાવી દીધો. મંદિરના ચોકમાં બાંધેલ મટકી ફોડીને દરેક હરિભક્તો વાડી વિસ્તાર-અંજાર શહેર વિસ્તાર તથા બેન્સા વિસ્તારના તથા આજુબાજુ વિસ્તારમાંથી આવેલ હજારે હરિભક્તોએ કૃષ્ણજન્મોત્સવ આનંદ-હર્ષોલ્લાસથી મનાવ્યો.

**અધિકમાસ પર્વની ઉજવણી :** તા.૧૮-૮-૨૦૧૨થી પવિત્ર પુરુષોત્તમ માસનો આરંભ થઇ રહ્યો છે અને આપણાં સંપ્રદાયમાં અધિકમાસનું ખૂબજ મહત્ત્વ છે. આ પાવન પ્રસંગે અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આખા માસ દરમ્યાન આપણી હિન્દુ સંસ્કૃતિમાં વર્ષ દરમ્યાન આવતા તમામ મુખ્ય ઉત્સવો-તહેવાર જેમ કે મહાશીવરાત્રી, રામનવમી, સ્વામિનારાયણ જયંતિ, રથયાત્રા, નરસિંહ જયંતિ, જન્માષ્ટમી, દિવાળી અન્નકૂટ ડે તેમજ મહાઅભિષેક જેવા ઉત્સવોની ઉજવણી તેમજ રાષ્ટ્રીયપર્વોની ઉજવણી ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આમ પવિત્ર પુરુષોત્તમ માસ દરમ્યાન યોજનાર આ વિવિધ સભર તહેવારોના દર્શનનો અમુલ્ય અને અલભ્ય લાભ લેવા હરિભક્તોને અનુરોધ તથા નિમંત્રણ તા.૧૬-૯-૧૨ રવિવારે અમાસના દિવસે પુરુષોત્તમ માસની પૂર્ણાહૂતી ખૂબજ ધામધૂમથી કરવામાં આવશે. અંજાર મંદિરના કોઠારી-સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા સ્વામી શ્રીપ્રભુવલ્લભદાસજી તેમજ મહંત સ્વામી હરિજીવનદાસજી વડીલ સંતો શ્રી મુકુન્દજીવનદાસજી, સ્વામી હરિબળદાસજી, સ્વામી બાલકૃષ્ણદાસજીના દેખરેખ હેઠળ નાના-મોટા સંતો તથા હરિભક્તોના સહકારથી અધિકમાસની ઉજવણી થશે.

અહેવાલ - રમણીક સોલંકી

## અક્ષરવાસ

ગામ સુરજપર હાલે મોમ્બાસા

તારાબેન દેવશી વેલજી હાલાઇ તા.૧૦-૮-૨૦૧૨ના શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરનિવાસી થયાં છે. શ્રીજી મહારાજ તેમને પોતાની સેવામાં અખંડ રાખી પોતાના ચરણકમળનું સુખ આપે તથા તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના...

ગામ નારાણપુર નીચલોવાસ

વિશ્રામ કુંવરજી ગોપાલ વરસાણી (ઉ.વ.૬૫) તા. ૨૯-૭-૨૦૧૨ના શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરનિવાસી થયાં છે. શ્રીજી મહારાજ તેમને પોતાની સેવામાં અખંડ રાખી પોતાના ચરણકમળનું સુખ આપે તથા તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના...

## વિનંતી...

શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ દ્વારા ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન અને સત્સંગની સુવાસ આપ સુધી પહોંચે છે, જેનું નિયમિત વાંચન કરી હરિભક્તો પુણ્યનું ભાથું બાંધી ભક્તિ દઢ કરી રહ્યા છે. અમે પણ સાંપ્રદાયિક બાબતો, ધાર્મિક લેખો, જ્ઞાન અને વૈરાગ્યની વાતો તેમજ દેશ-વિદેશના સત્સંગને લગતા સમાચારો પ્રકાશિત કરીને આપને વધુને વધુ વિગતો પૂરી પાડવા પ્રયત્નશીલ છીએ. આપણા મોટા ભાગના ગ્રાહકો 'આજીવન ગ્રાહક' છે. જે આનંદની વાત છે, પરંતુ આવા ગ્રાહક જ્યારે અક્ષરનિવાસી થાય ત્યારે તેમના કુટુંબીજનો એ બાબતની જાણ અમને અવશ્ય કરે એવી પ્રાર્થના છે. અમારી આ નમ્ર પ્રાર્થના સ્વીકારી અત્રે ગોઠવાતી વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી છે.

- તંત્રી

# વિદેશ સમાચાર

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર – નૈઈરોબી

## ભૂમિ પૂજન મહોત્સવ



શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર – નૈઈરોબી (ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું) નો લંગાટા વિસ્તારમાં આવેલ પ્લોટ ઉપર સૂચિત નૂતન મંદિરનું ભૂમિ પૂજન તા.૧૯-૮-૧૨ રવિવારના રોજ ધામધૂમથી સંપન્ન થયું. આ પ્રસંગે ભુજ મંદિરથી સ.ગુ.પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.પુરાણી સ્વામી કેશવપ્રસાદ્દદાસજી, સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ.શાસ્ત્રી સ્વામી નારાયણમુનીદાસજી આદિ સંત મંડળ અને ઠાકોરજી (બંને મંદિરોના) મંડળી સહિત લગભગ ૯.૩૦ના સુમારે પધરામણી થઇ. સ્વામી અક્ષરમુક્તદાસજીએ કીર્તન ગાન કરી સર્વેને આવકાર આપ્યો. સ્વામી ઘનશ્યામપસાદદાસજીએ વચનામૃતનું અમૃતપાન કરાવી સર્વેને આનંદિત કર્યા. સ.ગુ.પુરાણી સ્વામી શ્રી કેશવપ્રસાદદાસજીએ વચનામૃતને સરળભાષામાં સમજાવ્યું.

કાર્યની શુભ શરૂઆત સંતો અને વડિલ ટ્રસ્ટી મંડળના વરદ્ હસ્તે દીપ પ્રાગટય કરી કરવામાં આવી. ત્યારબાદ વડીલો અને ટ્રસ્ટી મંડળે સંતોનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું. અલગ-અલગ મંદિરો અને જાહેર સંસ્થામાંથી પધારેલા મહાનુભાવોનું મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ ફૂલહારથી સ્વાગત કર્યું. સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી તથા મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ પ્રારંભીક ઉદ્બોધન કરી હરિભક્તોને પ્રેરણા આપી પીઠબળ પૂરું પાડયું.

સ.ગુ.શાસ્ત્રી સ્વામી નારાયણમુનીદાસજીએ માઇક ઉપર પોતાનું સ્થાન લઇ હરિભક્તોમાં ઉત્સાહ પ્રેરી ચડાવો કરાવાની શુભ શરૂઆત કરી. ચડાવવામાં હરિભક્તોએ ખૂબ જ ઉત્સાહ દાખવ્યો હતો. ઘણા નામોની વચ્ચે ગામ સામત્રાના પ.ભ.રામજીભાઇ દેવજી વરસાણી (એફ્કો બિલ્ડર્સ)એ સૌથી ઊંચો આંક આપી ભૂમિ પૂજનના અને મહંત સ્વામી આદિ સંત મંડળના આર્શીવાદ ના અધિકારી બનવાનો લ્હાવો લીધો હતો. લગભગ સાડા-ચાર હજારની જનમેદની એ રામજીભાઇને તાળીઓના ગડગડાટથી વધાવી રાજીપો વ્યક્ત કર્યો હતો. મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ રામજીભાઇને ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું.

રામજીભાઇએ પોતાના વ્યક્તવ્યમાં સંતોનો અને શ્રીજી મહારાજનો આ લાભ મળવા બદલ આભાર માન્યો હતો.

મહંત સ્વામીએ રામજીભાઇને અંતરના રૂડા આશીર્વાદ આપ્યા હતા. મહંત સ્વામીએ વધુમાં જાહેરાત કરતાં જણાવ્યું કે જેમ આજે બંને મંદિરો તથા દરેક ગામના નાના-મોટા



મંદિરો સાથે મળી ભૂમિ પૂજનનો ઉત્સવ ઉજવ્યો તેવી જ રીતે આગામી તા.૧૦-૨-૧૩ રવિવારના રોજ મંદિરનો ખાતમુહૂર્તનો મહોત્સવ પણ એક મનના થઇ ઉજવશો. આ પ્રસંગે અમદાવાદથી આચાર્ય મહારાજ શ્રી કૌશેલેન્દ્ર પ્રસાદજી મહરાજ પણ પધારશે. આ મહોત્સવ પણ ખૂબ જ ધામધૂમથી ઉજવશો.

સ.ગુ.પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીએ બ્રહ્મમુનીદાસજી આદી સંતોને સાથે રાખી ભૂમિ પૂજનના યજમાન શ્રી રામજીભાઇ તથા ભૂમિદાનના યજમાન દ્વારા ભૂમિ પૂજનનું કાર્ય કરાવ્યું હતું.

ભિન્ન-ભિન્ન સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ પ્રસંગને અનુરૂપ પોતાની અંતરની ઉર્મીઓને રજૂ કરી હતી. સર્વનો એક જ સૂર હતો કે સંપ અને એકતા જાળવી દરેક મંદિરોના કાર્યો કરવા અને બહારના તત્ત્વો કુસંપ પેદા ન કરે તેની તકેદારી રાખવી.

અંતમાં મંદિરના અધ્યક્ષશ્રી પરબતભાઇ વેકરીયા તથા સહમંત્રી નારાણભાઇ ગોરસીયાએ સંતો, દાતાઓ તથા નાના મોટા હરિભક્તોનો અંતરથી આભાર વ્યક્ત કર્યો હતો. ભૂમિ પૂજનની આરતી કરી સર્વે હરિભક્તોને ગામ નારાણપરના હરિભક્તો વતીથી બપોરનો મહાપ્રસાદ રૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

અહેવાલ : સહમંત્રી નારાણભાઇ ગોરસીયા

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-સાઉથ-ઈસ્ટ લંડન

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર સા.ઇ.લંડન, વુલવીચનો ૨૪મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રી શતાનંદમુનિ લિખિત શ્રી શિક્ષાપત્રી ભાષ્ય સપ્તાહ પારાયણનું આયોજન તા.૩૦-૭-૧૨ થી તા.૫-૮-૧૨ રવિવાર સુધી ધામધૂમથી ઉજવવામાં આવેલ જેમાં ભુજ મંદિરના વિદ્વાન સંતોના મુખેથી કથામૃતનું પાન કરાવેલ.

તા.૨-૮-૨૦૧૨ ગુરૂવારના પાટોત્સવ પ્રસંગનો મુખ્ય દિવસ શ્રાવણ સુદ-૧૫ રક્ષાબંધનના મંગલકારી દિવસે શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક ભુજ મંદિરેથી પધારેલ સંતો તથા યજમાનશ્રીઓના હસ્તે પંચામૃતથી કરવામાં આવેલ. તેમજ ઠાકોરજી આગળ અન્નકુટ ગોઠવવામાં આવેલ. અન્નકુટ આરતીના યજમાન શ્રી વેકરાના સુશીલ ભાવેશ સામજી વરસાણી સહ પરિવારે ઉંચો આંક આપી આરતીનો લાભ લીધો હતો. સાથે મહાપ્રસાદ ભોજનના સેવાનો લાભ શ્રી માંડવીના રુસીલ રવી પ્રેમજી કારા પરિવારે લાભ લીધો હતો. સાથે અન્નકુટ પ્રસાદની સેવા ગામ આ.સુખપરના અ.નિ.વાલજી મેઘજી કેરાઇ પરિવારે લાભ લીધો હતો.

તા.૩-૮-૨૦૧૨ સાંજના કથા પ્રસંગ બાદ યુવક હરિભક્તો તરફથી ભજન સંધ્યાનો આયોજન કરવામાં આવેલ તેમાં નાના બાળયુવકો સરસ રાગમાં કીર્તનો ગાયા હતા. સંતો અને સભાજનો ખૂબ જ રાજી થયા હતા. તેમજ હેરો કેન્ટનના મંદિરેથી યુવાન હરિભક્તો પધારેલ હતા તેઓશ્રીનો તેમજ સંગીતકાર ગાયક સ્વામી શ્રીજીનંદનદાસજીએ પણ કીર્તનો સંભળાવ્યા હતાં. ભક્તજનોને આનંદિત કર્યા હતા. તે દિવસે સાંજના મહાપ્રસાદરૂપી ભોજનની વ્યવસ્થા શ્રી સત્સંગી હરિભક્ત તરફથી રાખવામાં આવેલ.

તા.૪-૮-૨૦૧૨ શનિવારના સવારના કથાબાદ તમામ ભક્તજનો તેમજ ખાસ બાળકો માટે મનોરંજન ફનડે રાખવામાં આવેલ. તેમાં નાના મોટા ભક્તજનોએ આનંદ માણ્યો હતો. સાંજની કથાબાદ બાળ યુવકો તરફથી રૂપકનું આયોજન કરવામાં આવેલ જેનું નામ 'હરિ મારા જીવનના આધાર' આ રૂપકમાં ૨૪ યુવકોએ લાભ લીધો હતો. સભામંડપ ભરપુર ભરાયેલો હતો. સંતોએ પણ હાજરી આપેલ. સ.પુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ રૂપકમાં ભાગ લેતા બાળકો તથા યુવકોને આશીર્વાદ આપ્યા હતા. તા.૫-૮-૨૦૧૨ રવિવારના ૧૧ વાગ્યે પારાયણની સમાપ્તિ કરવામાં આવેલ ત્યારબાદ સંતોના આશિર્વચનોનો લાભ લીધા બાદ જે ભક્તોએ સેવા આપેલ તેમને મંદિર વતી પહેરામણીઓ કરવામાં આવેલ. ત્યારબાદ મંદિરના શિખર પર નવી ધજાનું રોપણ કરવામાં આવેલ તેના યજમાનપદે ગામ વેકરાના કુમારી કસ્તુરબેન કાનજી સામજી વરસાણી સહપરિવાર લાભ લીધો હતો. ત્યારબાદ મહાપ્રસાદરૂપી ભોજન તમામ ભક્તજનોએ લાભ લીધો હતો. આમ આનંદમય વાતાવરણમાં ૨૪મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગ સમાપન કરવામાં આવેલ.

તા.૧૦-૮-૨૦૧૨ શુક્રવારના જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ તેમાં ખૂબ જ વિશાળ સંખ્યામાં ભક્તજનો ઉત્સવનો લાભ લીધો હતો. અને ગોપ બાળકો ઠાકોરજી આગળ રાસઉત્સવ રમ્યા હતા. અને ભગવાન બાલકૃષ્ણને રાજી કર્યા હતાં.

અહેવાલ : માવજીભાઇ કરસન છભાડીયા

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-મોમ્બાસા

# બાલ યુવક મંડળ રજત જયંતિ મહોત્સવ

બાલ યુવક મંડળને ૨૫ વર્ષ પુરા થતાં હોઇ અને અ.નિ.કરશનભાઇ પ્રેમજી ભુડીયાની પુણ્યસ્મૃતિમાં એમના કુટુંબીજનો દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ પારાયણ તા.૬-૮-૨૦૧૨ થી તા.૧૨-૮-૨૦૧૨ સુધી ભુજ મંદિરેથી



પધારેલા વિદ્વાનસંતો પુ.શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી તથા પુ.શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી વ્યાસસને બિરાજી પોતાની સરળ અને જ્ઞાનસભર મધુર ભાષા શૈલીમાં સવારે અને સાંજે કથાનું અમૃતપાન કરાવેલ હતું જેમાં આપણા પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભુજ મંદિરના પ.પુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા પ.પુ.સ્વામી કેશવપ્રસાદદાસજી તથા અન્ય પૂજ્ય બ્રહ્મનિષ્ઠ વંદનીય સંતો તથા દેશ-વિદેશથી પધારેલા સત્સંગ સમાજના વડીલ હરિભક્તો તથા મોમ્બાસા બાલ યુવક મંડળનાં ભૂતપૂર્વ હરિભક્તો પધારી આ મહોત્સવની શોભામાં અભિવૃતિ કરી આપણા બાળકો તથા સત્સંગી યુવાન હરિભક્તોને પ્રોત્સાહિત કરી અમૂલ્ય લાભ આપેલ હતો. આ મહોત્સવના ઉપલક્ષમાં ભુજ મંદિરના સ.ગુ. મહંત સ્વામીના વરદ હસ્તે પોથી યાત્રાનું પૂજન કરીને શુભ શરૂઆત કરવામાં આવી હતી.

આ મહોત્સવના દિવ્ય અને ભવ્ય શુભ અવસરે આપણાં પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સ્વાગત આપણા ભુજ મંદિરેથી પધારેલા બ્રહ્મનિષ્ઠ સંતો તથા સારાયે સત્સંગ સમાજના તમામ હરિભક્તો દ્વારા શ્રી કચ્છી લેવા પટેલ સમાજ-મોમ્બાસાથી આપણા મંદિરે વાજતે -ગાજતે-બહેનોનાં સમૈયા સાથે તથા મોમ્બાસાની બેન્ડપાર્ટી તથા લેજીમદળના સભ્યો તથા સત્સંગી હરિભક્તોની મંડળીઓથી આપણાં મંદિરમાં હારારોપણ કરી આગમન થયેલું હતું અને દરરોજ સાંજે કથા સમાપ્તિબાદ મહાપ્રસાદ અને સાંસ્કૃતિક કાર્યક્રમ, અંતાક્ષરીનો કાર્યક્રમ તથા રાસોત્સવ-જન્માષ્ટમી ઉત્સવ તથા મહારાજશ્રી તથા સંતો તથા ભિન્ન ભિન્ન મંદિરોમાંથી પધારેલા સત્સંગી હરિભક્તોનાં આશીર્વચન પણ લેવામાં આવેલ હતાં.

આ શુભ અવસરે બાલ યુવક મંડળને ૨૫ વર્ષ પુરા થતાં હોઇ એક સોવેનિયર અંકનું વિમોચન મહારાજશ્રી તથા ભુજ મંદિરના મહંત સ્વામીના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. આપણા મંદિરમાં ઉત્સાહી યુવાનો બહેનો તથા બાળકોએ વડીલ હરિભક્તોના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ ભવ્યાતિભવ્ય પ્રદર્શનનું સ.ગુ. મહંત સ્વામી તથા અન્ય સંતો દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવેલ.

સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી અને આપણી અમદાવાદ ગાદીના પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરનાં મહંત સ્વામી તથા બ્રહ્મનિષ્ઠ સંતોના રૂડા આશીર્વાદથી અને મોમ્બાસાના સારાયે સત્સંગ સમાજના નાના-મોટાં હરિભક્તોના સંપ-સહકાર અને યુવાન હરિભક્તોના અમૂલ્ય મહેનતથી આ બાલ-યુવક મંડળ ''રજત જયંતિ મહોત્સવ''ની સભા સફળ બની. આપણા બાળકોમાં નવી ઉમંગ અને અભિલાષામાં ઉત્સાહ-આનંદની લાગણીમાં ઉમેરો થયેલ હતો.

**હિંડોળા દર્શન મોમ્બાસા – કેન્યા**

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર મોમ્બાસા – કેન્યામાં અષાઢ વદ-૨ તા.૫-૭-૨૦૧૨ થી હિંડોળા મહોત્સવની સુધી યુવાન હરિભક્તોના સહયારા સાથ-સહકારથી સત્સંગ સમાજે વિવિધ પદાર્થોથી રંગબેરંગી જુદી જુદી જાતની ચીજ વસ્તુઓથી જુદા જુદા હિંડોળાઓની રચના કરી શ્રીહરિને પ્રેમથી ઝુલાવી ભક્તજનોને દર્શન કરાવી રહ્યા હતા. જે માટે વડીલ હરિભક્તોના માર્ગદર્શન હેઠળ આપણા યુવાન હરિભક્તો તથા નાના નાના ભુલકાઓ તથા બહેનોએ ખાસ જહેમત ઉઠાવેલ હતી.

આ પ્રસંગે છેલ્લા બે દિવસ આપણા ભુજ મંદિરેથી પધારેલ પ.પૂ.સ.ગુ.મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી તથા બ્રહ્મનિષ્ઠ સંતોએ લાભ આપી શુભ આશિષ પાઠવ્યા હતા. આ રીતે હિંડોળા મહોત્સવની ખૂબજ ધામધૂમથી ઉજવણી કરી સમાપ્તિ કરવામાં આવેલ.

અહેવાલ : ટ્રસ્ટીશ્રીઓ, શ્રી કચ્છ સત્સંગ સ્વા.મંદિર-મોમ્બાસા-કેન્યા

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર – બોલ્ટન

દર વર્ષની જેમ આ વરસે પણ જુદાં-જુદાં નવા-નવા હિંડોળા બનાવી તેમાં શ્રીજી મહારાજને પધરાવીને હરિભક્તોએ દર્શનનો લાભ લીધેલ તેમજ મંદિર ખૂબ જ શોભી ઉઠેલ.

**બહેનો તરફથી પારાયણ તા.૨૩-૭-૨૦૧૨ થી તા.૨૯-૭-૨૦૧૨ સુધી**

દર વર્ષની જેમ આ વરસે પણ બોલ્ટનના સહુ બહેનો સાથે મળીને આપણા મંદિરમાં ૭ દિવસનું શ્રી નિષ્કુળાનંદ કાવ્ય પવિત્ર ગ્રંથનું પારાયણ રાખવામાં આવેલ. ભુજ મંદિરના પૂજ્ય સ્વામી લક્ષ્મીપ્રસાદાસજીના મંડળના સંતો પધાર્યા હતા અને વકતા પૂજય સ્વામી ભક્તિવિહારીદાસજીએ પોતાના અમૃત સમાન મીઠી વાણીમાં કથા સંભળાવી તેમજ સ્વામી શ્રીજીનંદનદાસજીએ કીર્તન ભક્તિ કરીને હરિભક્તોને ખૂબજ રાજી કરેલ. અને શનિવારના સૌ બહેનો સાથે મળીને ઠાકરથાળીમાં રાસોત્સવ ઉત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

**જન્માષ્ટમી ઉત્સવ :** તા.૧૦-૮-૨૦૧૨ મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ અને સૌથી ઉંચો આંક આપીને ગામ નારણપુરના દેવબાઇ વેલજી પીંડોરીયાએ આરતી ઉતારી હતી. અને બીજી આરતી દરવર્ષની જેમ ગામ ફોટડી હાલે મોમ્બાસાના રહેવાસી કેશુભાઇ પ્રેમજી ભુડીયા તરફથી ઉતારવામાં આવેલ. ત્યારબાદ રાસોત્સવ સૌ સાથે મળીને ઉત્સવ ઉજવવામાં આવેલ.

દર વર્ષની જેમ આપણા બોલ્ટન મંદિરમાં સભા મંડપમાં શનિવાર તા.૧૧અ૮-૨૦૧૨ના જાહેર સભા બોલાવવામાં આવેલ અને ગયા વર્ષના ૨૦૧૧ના આવક-જાવકના હિસાબ મંદિરના ખજાનચી તરફથી સંભળાવવામાં આવેલ અને જાહેર સભામાં તે હિસાબ પાસ કરવામાં આવેલ અને ત્યાર બાદ નવ વરસ માટેની નવી કાર્યવાહક કમીટીની ચુંટણી કરવામાં આવેલ અને તેમજ એક ટ્રસ્ટીની ખાલી જગ્યા પડેલ તેમાં પણ ૧ નવા ટ્રસ્ટીની ચુંટણી કરવામાં આવેલ. નવી કમિટી નીચે મુજબ છે.

પ્રમુખ-મનજી ગાંગજી હાલાઇ (કુંદનપુર), ઉપપ્રમુખ-પ્રકાશ શીવજી હાલાઇ, દહિંસરા (નવા ટ્રસ્ટી), મંત્રી-વાલજી ગાંગજી હાલાઇ (કુંદનપુર), ઉપમંત્રી-પ્રવિણ સામજી વરસાણી (માધાપર), ખજાનચી-પ્રવિણ માવજી પિંડોરીયા (દહિંસરા), ઉપખજાનચી-કરસન નાનજી હાલારીઆ (કેરા), સલહાકાર સભ્ય - મનજી કુંવરજી રાઘવાણી (બળદીયા), ખીમજી વિશ્રામ પિંડોરીયા (માધાપર), કરસન રામજી કાબરીયા (ગોળપર), ખીમજી ગોવિંદ વરસાણી (ભારાસર), નારણ સામજી હાલાઇ (દહિંસરા)

અહેવાલ : મનજી ગાંગજી હાલાઇ



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

**લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી**

## ગણેશજી

બાલમિત્રો જય ગણેશ. તમે જાણો છો ? ગણપતિની પ્રથમ પૂજા શામાટે કરવામાં આવે છે ? તો સાંભળીએ ગણપતિજીની એક વાર્તા.

એકવાર દેવ સભામાં યજ્ઞ,પૂજા,હવનાદિકમાં પહેલી પૂજા કયા દેવતાની કરવી. આ પ્રશ્ન પર દેવતાઓમાં મતભેદ થયો. બધાએ દેવતાઓ ઇચ્છતા હતા કે પ્રથમ પૂજા મારી થાય. જ્યારે આ વાતનો કોઇ નિર્ણય ન થયો,ત્યારે સર્વ દેવતાઓ બ્રહ્માજી પાસે ગયા. સારા માણસો મોટાની વાત ચોક્કસ માને, મોટા કહે તે પ્રમાણે કરે, દેવોમાં બ્રહ્માજી મોટા કહેવાય તેથી બધા બ્રહ્માજી પાસે ગયા.

બ્રહ્માજીએ બધાની વાત સાંભળી પોતાનો નિર્ણય કહ્યો, જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી સર્વ પ્રથમ મારી પાસે આવશે એજ સર્વશ્રેષ્ઠ થશે અને બધાથી પહેલા સર્વકાર્યોમાં પહેલી પૂજા એની કરવામાં આવશે.

દેવતાઓમાં દોડાદોડ થઇ પડી, કોઇ હાથી પર સવારી કરી, કોઇ ઘોડા પર તો કોઇ રથ પર, પશુ પક્ષીઓ પર દેવતા ઓ બેસી ગયા. જેનું જે વાહન હતું તેના પર સવાર થઇને પૂરા વેગથી દોડાવવા લાગ્યા. બધા પ્રયત્ન કરવા લાગ્યા કે, બધાથી પહેલા હું પૃથ્વીની પ્રદક્ષિણા કરીને આવી જવું. તો સર્વ પ્રથમ પૂજા મારી થાય. આમ બધાદેવો પૃથ્વીની પ્રદક્ષિણા નીકળી ગયા. પણ એક ગણેશજી રહી ગયા કારણ કે, વજનદાર શરીર અને વાહન છે ઉંદર,ગણેશજી વિચારે છે કે મારે આ દોડમાં કોઇથી આગળ થઇ શકાય તેમ નથી. આમ વિચારમાં ને વિચારમાં ગણેશજી આવ્યા માતા-પિતા પાસે, ગણેશજીના માત-પિતા શંકર-પાર્વતી, પિતાજી ધ્યાનમાં બેઠા છે, ગણેશજી આવ્યા માતા પાસે. માતા પાસે આવીને ઉતાવળે કહે છે મા! તમો જલ્દી ચાલો પિતાજી ને પાસે બેસી જાઓ.

માતા કહે છે આટલી ઉતાવળ શા માટે કરે છે. ત્યારે ગણેશજી કહે છે મા! અત્યારે તમો મારા પિતાજીની બાજુમાં બેસી જાઓ પછી હું તમને બધી વાત કરીશ.માતા પુત્રના આગ્રહથી આવીને શંકરની ડાબી સાઇડમાં બેસી ગયા.

ગણેશજીએ સૌ પ્રથમ માતા-પિતાને વંદન કરી પછી પોતાના વાહન ઉપર બેસીને માતા-પિતાને સાત પ્રદક્ષિણા કરી.ફરીવાર માતા-પિતાને વંદન કરીને ચાલ્યા બ્રહ્માજી પાસે.

ગણેશજી બ્રહ્માજી પાસે આવી વંદન કરીને બેસી ગયા. ત્યાં બીજા દેવતાઓ એક પછી એક આવવા લાગ્યા અને ગણપતિને જોઇ વિચારમાં પડી ગયા કે ગણપતિ પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલા કઇ રીતે આવી શકે.. કદાચ એ ગયા જ નહિ હોય શરીર મોટુ અને વળી વહાન પણ ઉંદર માટે અહીંજ બેસી રહ્યા હશે.

બધા દેવતાઓ આવી ગયા અને વિચારે છે કે હવે બ્રહ્માજી કોનું નામ સૂચવે છે.અને બ્રહ્માજી પણ બધાની સામે નજર કરીને બોલ્યા જે,હે દેવતાઓ! જુઓ તમે બધા મારા કહ્યા પ્રમાણે પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યા છો.અને મારા જણાવ્યા પ્રમાણે સર્વે દેવતાઓમાં ગણેશજીની પૂજા

સર્વ પ્રથમ કરવી. ત્યારે દેવતાઓ બોલ્યા જે, હે બ્રહ્માજી! આમ કેમ ?તમો કહ્યુ હતું કે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલા આવશે તેની પૂજા સર્વ પ્રથમ કરવી.અને આ વાત કોઇ રીતે શક્ય ન બને કે આ બધા દેવતાઓમાં ગણેશજી પહેલા આવી શકે.ત્યારે બ્રહ્માજી બોલ્યા જે,હે દેવતાઓ! સાંભળો ગણેશજીએ પૃથ્વીની સાથે બ્રહ્માંડની સાત વાર પ્રદક્ષિણા કરીને બધાથી પહેલા આવી ગયા છે.

ત્યારે દેવતાઓ એકબીજાની સામે જોવા લાગ્યા અને કહે છે આમ કેમ બને? આમા અમને કંઇ સમજાતું નથી. ત્યારે બ્રહ્માજી કહે છે, સાંભળો માતા તે સાક્ષાત પૃથ્વીનું સ્વરૂપ છે અને પિતા તે ભગવાન નારાયણનું સ્વરૂપ છે. અને ભગવાન નારાયણના શરીરમાં અનંત બ્રહ્માંડો રહેલા છે. ગણેશજીએ માત-પિતાની સાતવાર પ્રદક્ષિણા કરી છે માટે ગણેશજીની પૂજા સર્વ પ્રથમ કરવી.

બાળમિત્રો આપણે પણ માતા,પિતા,ગુરુની આજ્ઞા પ્રમાણે રહીને જીવનમાં અમૃત રૂપી જીવન જીવીને ભગવાનને રાજી કરી લેવા.

## જ્ઞાનસરિતા

૧. ભગવાન વામનજીના પિતાનું નામ શું હતું ?
(અ) કશ્યાપમુની (બ) કપીલમુની
(ક) અત્રીઋષી (ડ) દશરથજી

૨. વામનજીએ કોની પાસેથી ત્રણ પગલાં જમીન માંગી હતી?
(અ) ભરતરાજા (બ) બલિરાજા (ક) કર્ણ (ડ) શુક્રાચાર્ય

૩. વામન ભગવાનનો જન્મ કયા દિવસે થયો હતો ?
(અ) ભાદરવા વદ ૧૧ (બ) શ્રાવણ સુદ ૮
(ક) ભાદરવા સુદ ૮ (ડ) ભદરવા સુદ ૧૨

૪. ગણપતિજી કોના પુત્ર હતા?
(અ) નીલકંઠ (બ) ભવાની
(ક) મહાદેવ (ડ) અ,બ,ક,ત્રણેના

૫. ગણપતીનું વહાન નામ શું છે. ?
(અ) મૂષક (બ) મોર (ક) માંકડુ (ડ) મીન

૬. ગણપતિજીનું પ્રીય ભોજન શું છે ?
(અ)જલેબી (બ) સાટા
(ક) પેંડા (ડ)અ,બ,ક,ત્રણે નહિ

૭. પરિવર્તની એકાદશી કયારે આવે છે ?
(અ) આસો સુદ૧૧ (બ) ભાદરવા સુદ ૧૧
(ક) શ્રાવણ વદ ૧૧ (ડ) ભાદરવા વદ ૧૧

૮. ક્યા ગામમાં શ્રીજી મહારાજે દુકાનમાં બેસી શાક વેચ્યું હતું ?
(અ) લોજ (બ) લોયા (ક) ધમડકા (ડ) કંથકોટ

૯. વેદ કેટલા છે ?
(અ) ૫ (બ) ૨ (ક) ૮ (ડ)૪

૧૦.સવારે જાગીને પ્રથમ શું કરવું ?
(અ) ચા પીવી (બ) હરિસ્મરણ (ક) વોક (ડ) દાતણ

### આરોગ્ય

શરીર રોગોનું ઘર છે. વગર આમંત્રણે આવી જાય. રોગ આવવાનું મૂળ કારણ શું ? આહાર.

૧. રોગ આપણા આહાર-વિહારમાં થયેલી ભૂલોનું પરિણામ છે.
૨. બજારની વસ્તુઓ પવિત્ર હોતી નથી માટે બજારુની કોઇ પણ વસ્તુઓ ખાવી પીવી નહિ. ઘરમાં પણ ખોરાકને ઢાંકેલો રાખવો. ફળો શાકભાજી વગેરે ધોઇને ઉપયોગમાં લેવાં.
૩. અયોગ્ય,વધારે અને અનિયમિત આહાર રોગને લાવે છે. માટે સમયસર અને સહેલાઇથી પાચન થઇ શકે તેવો જ આહાર લેવો જોઇએ.
૪. હાથ,પગ અને મોઢું ધોઇને રસોઇ કરવા કે જમવા બેસવું.
૫. દરેક જાતના વ્યસનથી દૂર રહો.


## *ગત જ્ઞાનસરિતાના જવાબો*

ગર્ગાચાર્ય, રોહીણી, શ્રાવણ વદ-૮, ૧૭૯૫,
પૂતના, શ્રાવણ વદ ૬,૧૫મી ઓગસ્ટ, વાઘ,
પુરુષોત્તમમાસ, ૯
**ઉખાણાં:-** શ્રીકૃષ્ણ,દીવો,બલીપત્ર.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વૃ | ન્દા | વ | ન | વિ | હા | રી | ★ | ય | દુ |
| ષ | ★ | સુ | ★ | શ્વ | ★ | ★ | ન | શો | ★ |
| ભા | ★ | દે | ★ | પિ | તા | જી | ★ | દા | ન |
| નુ | ★ | વ | ડ | તા | લ | ★ | ઘી | ★ | ટ |
| ★ | સો | ★ | મ | ★ | ★ | શ્રી | ★ | આં | ખ |
| વા | ★ | પ | રી | ક્ષી | ત | ★ | અ | ★ | ટ |
| સુ | થા | ર | ★ | ★ | જ | ન્મા | ષ્ટ | મી | ★ |
| દે | ★ | મે | ન | કા | ★ | ★ | કો | રા | ડી |
| વ | ★ | શ્વ | ર | ★ | મા | ખ | ણ | ★ | ગ |
| ★ | ફ | ર | ક | ★ | મા | રુ | ★ | ના | રી |

## -: શબ્દ રચના :-

ગણપતિનું પ્રીય ભોજન લાડુના આ ઢગલામાં ગણપતિજીના બાર નામો મુકેલા છે તેને શોધી કાઢો.




**નોંધ :- જ્ઞાનસરિતામાં આપેલ જ્ઞાનમાળા,કોયડો. વગેરેના ઉત્તરો સારા અક્ષરે લખી. આપેલ સરનામાને અનુસારે સારા અક્ષરે સરનામું લખી. શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ અથવા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલયમાં આપવું ભાગ લેશે શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકો. સતત બાર મહિના સુધી સાચા જવાબ આપનારનું બાલમંચમાં ઈનામ આપી સન્માન કરવામાં આવશે. જ્ઞાનમાળામાં આપેલ પ્રશ્ન વગેરેના ઉત્તરો આ પેજમાં કે કોપી કરીને મોકલવા. આ માટે ખાસ શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશના ગ્રાહક બનો.**

### સરનામું

નામ....................................................................... ગામ ....................

તાલુકો............. ઉંમર....... શાળા............................. ધો.......... મો.ન..............

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૦૦/- | રવજીભાઇ વસ્તા કેરાઇ | નારાણપર ઉ.વાસ | હોન્ડા ગાડી લીધી તે નિમિત્તે |
| ૫૫૧/- | સચિન વાલજી ગોવિંદ પિંડોરીયા | દહિંસરા | ડીપ્લોમાં સિવીલમાં સારા માર્કસથી પાસ થતાં |
| ૧૦૨/- | ધ્રુવીબેન કાંતિલાલ પિંડોરીયા | સામત્રા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૦૧/- | વાલબાઇ વાલજી પિંડોરીયા | નારાણપર ઉ.વાસ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | નિરાલી વિનોદ પિંડોરીયા | નારાણપર હાલે કંપાલા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | ઋત્વિક વિનોદ પિંડોરીયા | નારાણપર હાલે કંપાલા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | ધર્મિન ઉમેશ પિંડોરીયા | નારાણપર હાલે કંપાલા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | ગીતાબેન હિતેશ કેરાઇ | નારાણપર હાલે કંપાલા | બેબીના જન્મ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | રોહિત સુરેશ ગામી | કેરા હાલે કંપાલા | શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૦૧/- | દેવજી પ્રેમજી કેરાઇ | મિરઝાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૦૧/- | અ.નિ.જેસાભાઇ હરજી વેકરીયા<br>અ.નિ.ધ.પ.પુરબાઇ જેસા હ. દેવજી શિવજી | મિરઝાપર | ભુજ મંદિરમાં કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૫૧/- | વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા | અકરીવાળા | ચિ.પૌત્રીઓ નિરાલી તથા મિરાલી રક્ષાબંધન નિમિત્તે ભાઇઓને શુભેચ્છા |
| ૫૦૦/- | અ.નિ.વિશ્રામ કુંવરજી ગોપાલ વરસાણી<br>હસ્તે. દિનેશભાઇ | નારાણપર ની.વાસ | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૦૦૧/- | રામજી પ્રેમજી રાઘવાણી | બળદીયા ની.વાસ | સુપુત્ર ચિ.જયદીપને એગ્રીકલ્ચર કોલેજમાં એડમીશન મળ્યું તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | મનસુખલાલ પ્રેમજી વરસાણી | ગોધરા-કચ્છ | શ્રી હિંડોળા મહોત્સવ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૧૧/- | ચંદુબેન ચમનલાલ ગોર | ભુજ | જન્માષ્ટમી ઉજવણી નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૦/- | લટુકુમાર હિતેશભાઇ પટેલ | ગોધરા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૦/- | જીગર અતુલભાઇ પટેલ | ગોધરા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૨/- | ધ્રુવીબેન કાંતિલાલ પિંડોરીયા | સામત્રા | રક્ષાબંધન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૫૧/- | શિવજી રવજી વેકરીયા | પિયાવા-માંડવી | સુપુત્રી ચિ.સુનીતાના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૨૫૦/- | રવજી ખીમજી વાલાણી | બળદીયા ની.વાસ | દોહિત્ર ચિ.વિમલ (હાલે કિસુમુ)ના સગપણ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | મગનલાલ મનજી ભગત | નાનાઅંગીયા હા.મુંબઇ | સુપુત્ર ચિ.દર્શન સી.એ.ની પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૨૫૧/- | પ્રાણલાલભાઇ દામજી ગોર | ભુજ-કચ્છ | સુપુત્ર ચિ.ચેતનભાઇની નોકરી કાયમી થતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૧/- | દિલન નરેશ કેરાઇ | કેરા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૧/- | રીટા કાનજી વેકરીયા | કેરા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૧/- | કાન્તાબેન કાનજી વેકરીયા | કેરા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૧/- | કાનજી સામજી વેકરીયા | કેરા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૬૫૦/- | દેવશી રત્ના વરસાણી | માનકુવા હાલે નૈરોબી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૦/- | વિશ્રામ હરજી ભુડીયા | સુખપર જુ.વાસ | સુપુત્ર ચિ.દિલીપ હાલે નૈરોબીના લગ્નપ્રસંગે ભેટ |
| ૨૦૧/- | જીલેશ ગોવિંદભાઇ વાઘાણી | સુખપર હાલે લંડન | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૨૦૧/- | અર્પિતા દિલીપ વાલજીભાઇ ભુવા | સુખપર હાલે લંડન | અર્પિતાના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | પ્રિયંકા મનજી લાલજી સેંઘાણી | નારાણપર ઉ.વાસ | ચિ.પ્રિયંકાના જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | પસના મનજી લાલજી સેંઘાણી | નારાણપર ઉ.વાસ | સુપુત્રી ચિ.પસનાના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | રામજી મનજી વાઘાણી | સુખપર | સુપુત્ર ચિ.દિનેશભાઇને ત્યાં પુત્ર રત્નનો જન્મ થતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | મનન પ્રિતેશ હરજી હિરાણી | માધાપર | શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૫૧/- | નીતાબેન ભાવેશભાઇ પિંડોરીયા | ભુજ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૦/- | કલ્યાણ લાલજી ગોરસીયા | સુખપર | નવું બાઇક લીધું તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૦૧/- | દુર્ગેશ વી. છાંગા | સતાપર | શ્રી સ્વામિનારાયણ કલ્પતરૂ સોલ્ટ વકર્સ કંડલામાં ઉદ્દઘાટન નિમિત્તે |

**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે**
**પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**